

P.09

ઝારખંડ હાઈકોર્ટે એમએસ ધોનીને નોટિસ મોકલીને જવાબ માંગ્યો

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.09

ચાહત પાંડેએ ટાસ્ક દરમિયાન વિવિયન ડીસેનાને લાકડી વડે માર્યો



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૧૩ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 98 • Dt. 14-10-2024 Thursday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ટીમ ઈન્ડિયાએ જ્યાં ઐતિહાસિક મેચ જીતી એ સ્ટેડિયમ પર ખતરો 09



**14**
NOVEMBER- 2024
THURSDAY



09 પાન મસાલાની જાહેરાત કરનારા અભિનેતાઓને તે લાશો નહીં દેખાય






**સંકલન સમિતિમાં મોટો હોબાળો** | મહાનગરપાલિકામાં સ્વચ્છતાના નામે કરોડોનું કૌભાંડ આચરાયું હોવાની આશંકા વ્યક્ત કરાઇ

# રાજકોટમાં ગાર્બેજ કલેક્શનમાં ૫૦૦ કરોડનું કૌભાંડ !

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૩ ।

રાજકોટમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન તેમજ ન્યુસન્સ પોઈન્ટ પરથી કચરો હટાવવાની કામગીરી હાલમાં મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે કુલ રૂ. ૫૨.૫૭ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવે છે. સ્થાયી સમિતિએ આ ટેન્ડરમાં શંકાસ્પદ રીતે વધારાની સામાન્ય સુવિધાઓ ઉમેરવાની અને ૧૧૧.૫૬ કરોડ રૂપિયાની વધારાની ફી એટલે કે ૫૯ કરોડ રૂપિયા ચૂકવીને ૧૦ વર્ષ સુધી એક જ ભાવે એક જ કામ કરાવવાની દરખાસ્તને આજે મંજૂર કરતાં ભારે હોબાળો થયો છે.

સ્થાયી સમિતિની બેઠક પહેલા યોજાયેલી સંકલન સમિતિમાં ભાજપના વરિષ્ઠ કોર્પોરેટર નેહલ શુક્લાએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરને ૫૯ કરોડ રૂપિયાના વધારાના ખર્ચ એટલે કે વર્તમાન રકમ કરતા બમણાથી વધુ ખર્ચ અંગે પ્રશ્નો પૂછ્યા હતા જેના બદલામાં મહાનગરપાલિકા શું કરશે. કોર્પોરેશન અને લોકોને મળે છે અને દરેક વધારાના કાર્યનો કેટલો ખર્ચ થશે? શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની હાજરીમાં ચેરમેન કે તેમના મદદનીશ પીએ તેમજ ડીસી, પર્યાવરણ ઈજનેર વગેરે કોઈ માહિતી આપી શક્યા ન હતા. આ મુદે ભારે મૂંઝવણ હોવાનું સામે આવ્યું છે.કોન્ટ્રાક્ટ રદ કરવાનો નિર્ણય શંકાસ્પદ રીતે લઈ ચૂકેલા અધિકારીઓએ એવો બચાવ કર્યો હતો કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી આવી કોઈ સૂચના છે, પરંતુ જ્યારે કાઉન્સિલરને પૂછવામાં આવ્યું કે શું આ સૂચના છે તો? કોઈપણ પરિપત્ર છે, તેના જવાબમાં તેઓ શાંત થઈ ગયા.

### એક પછી એક પ્રશ્નો પુછવામાં આવતા અમૂકના પગ નીચે રેલો આવ્યો

જે મુજબ ભાજપના કાઉન્સિલરે એવી દલીલ કરી હતી કે સરકાર નવી પદ્ધતિનો ઉપયોગ કરીને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની વાત કરે તો પણ તેમાં લોકહિત છે, પરંતુ સરકાર એજન્સીને બમણી કિંમત ચૂકવવા માટે કોઈ સૂચના આપશે નહીં. ૧૦ વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની તિજોરીમાંથી અંદાજે રૂ. ૫૯૦ કરોડની વધારાની રકમના વ્યાજ અંગે કોઈ વિગતો બહાર પાડવામાં આવી નથી. બાદમાં જ્યારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી અને આ ટેન્ડર મંજૂર કરવાનો નિર્ણય લેવાયો હતો ત્યારે નેહલ શુક્લાએ ગેરરીતિમાં સહભાગી ન બનવાનું વિચારીને સ્ટેન્ડિંગ કમિટીમાં હાજર રહેવાનું ટાળ્યું હતું. મહાનગરપાલિકામાં સ્વચ્છતાના કામ માટે ૫ હજાર રૂપિયા સેટઅપ થયા બાદ આવો ખાનગી કોન્ટ્રાક્ટ આપવાની શું જરૂર છે વગેરે ૧૩ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

---

ગેસ પુરવઠાને કારણે રહીશોને હેરાન થવાનો વારો આવ્યો


## વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં સ્થાનિક લોકોને જમવામાં ફાંફાં પડ્યા

**ગેસ લાઈનની સમસ્યા । લોકોએ હોટેલમાંથી ટિફિન મંગાવ્યા । તંત્ર સામે ભારે રોષ**

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં ખુશાલચંદ વિદ્યાલયની પાસે ગેસની સમસ્યા ઉદભવી છે. ત્યાંના રહીશોને કેવું છે કે, લીમડાપોળ મહાજન ગલીમાં છેલ્લા કેટલા દિવસથી ગેસ પુરવઠો યોગ્ય આવતો નથી. ગેસનું પ્રેશર ખૂબ ઓછું હોય છે. જેથી ત્યાંના રહીશોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, ગેસ પૂરતા પ્રમાણમાં નહીં મળવાના કારણે અમારે ઘરમાં રસોઈ બનાવી શકાતી નથી. બહારથી ટિફિન લાવવા પડે છે. આ ટિફિનના પૈસા શું કોર્પોરેશન આપવાની છે કે નેતાઓ આપવાના છે? અધિકારીઓને જ્યારે ફોન



કરીએ છીએ ત્યારે આટલા દિવસો પછી એન્જિનિયર જોવા માટે આવ્યો. ચાર જગ્યાએ ખાડા કરી તપાસ શરૂ કરી હતી.

અમુક જગ્યાએ ખાડામાં પાણી ભરાઈ ગયું છે એવું કહેતા પાણી કાઢ્યા પછી અહીં ફોલ્ટ મળી ગયો છે એવી વાતો કરી કોઈ કામ પૂર્ણ કરતા નથી. આજ વસ્તુ કોઈ મેયર, નેતા કે કમિશનરને ત્યાં થઈ હોત તો કેટલા સમયમાં પાલિકા પડતી મુશ્કેલીનું સોલ્યુશન લઈ આવે ? પરંતુ આમ જનતા માટે કોઈ અધિકારી કે નેતા કામ કરતું નથી. બીજા સ્થાનિકે જણાવ્યું કે, રાવપુરા વિસ્તારમાં વિદ્યાલય પાસે ગેસનો પ્રોબ્લેમ થયો છે. ઓછા પ્રેશરથી ગેસ આવતા અમે અવારનવાર ફોન કરી રજૂઆતો કરી, પરંતુ કોઈ અધિકારી સમસ્યાનો અંત લાવવા આવતો નથી, ગેસ ઓફિસના ધક્કા ખાઈએ અમે થાકી ગયા. રોજ સેવઉસળ લઈને બહારનું ખાવું પડે છે. જેથી અમારે આજે ઉગ્ર રજૂઆત કરવી પડી. આ બાબતે સ્થાનિક મહિલાઓ પણ રોષે ભરાયા હતા.

---



દુ:ખદ ઘટનાની સરકારે ગંભીરતાથી નોંધ લીધી છે : આરોગ્ય વિભાગના અગ્ર સચિવ

## ખ્યાતિ હોસ્પિટલની બેદરકારીના મામલે સરકાર ફરિયાદી બનશે

**આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગર ખાતે સર્વગ્રાહી સમીક્ષા બેઠક કરીને કડક કાર્યવાહી કરવા સૂચના આપી**

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૩ ।

ખ્યાતિ હોસ્પિટલની બેદરકારીનો મામલોને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે બેઠક યોજાઇ હતી. જેમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખ્યાતિ હોસ્પિટલ સામે રાજ્ય સરકાર ફરિયાદી બનશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક કરી છે. હોસ્પિટલના કાંડ બાદ ઋષિકેશ પટેલે મોટું નિવેદન આપ્યુ છે. પ્રાથમિક દ્રષ્ટિએ હોસ્પિટલની બેદરકારી સામે આવી છે. જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવુ આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યુ છે. આગામી સમયમાં હોસ્પિટલમાં પ્લાન્ડ સર્જરી માટે ખાસ એસઓપી બનાવવા અંગેની વાત કરી છે.અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલે આયોજીત કરેલા કેમ્પને લઈને મોટો ઘટસ્ફોટ થયો છે. હોસ્પિટલે અગાઉ પણ મહેસાણાના કડી તાલુકામાં ૪ કેમ્પ કર્યાનો ખુલાસો થયો છે.સરકારી મેડિકલ ટીમની તપાસમાં સામે આવ્યું છે કે કડીના ખંડેરાવપુરા, કણજરી, લક્ષ્મણપુરા, વાઘરોડા ગામે પણ હોસ્પિટલે કેમ્પ કર્યા હતા.ખ્યાતિ હોસ્પિટલના પદાધિકારીઓ આરોગ્ય વિભાગની પરવાનગી વગર જ કેમ્પનું આયોજન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. તો આ કેમ્પમાં પણ એક વ્યક્તિનું એન્જીયોગ્રાફી કરતા મૃત્યુ થયું હોવાનો ઘટસ્ફોટ થયો છે.

---

### ન્યૂઝ બ્રિફ

#### પાર્થિવ પટેલને આસિસ્ટન્ટ અને બેટિંગ કોચની જવાબદારી સોંપી

। અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ૨૦૨૫ના મેગા ઓક્શન પહેલા એક મોટો નિર્ણય કર્યો છે. ટીમે પાર્થિવ પટેલને આસિસ્ટન્ટ અને બેટિંગ કોચ બાવ્યો છે. પાર્થિવનું ક્રિકેટ કરિયર શાનદાર રહ્યું છે. તે અનુભવી ખેલાડી રહ્યો છે અને હવે નવી ભૂમિકામાં જોવા મળશે. પાર્થિવ પાસે કોચિંગનો પણ સારો અનુભવ છે. તે અન્ય ટીમો સાથે જોડાયેલો રહ્યો છે.

#### જાનીવડલા ગામની સીમમાંથી ગાંજાના છોડ સાથે એક ઇસમ ઝડપાયો

। સુરેન્દ્રનગર,તા.૧૩ ।

સુરેન્દ્રનગર જિલ્લાના જાનીવડલા ગામની સીમમાંથી ગાંજાના છોડ ઝડપાયાની ઘટના સામે આવી છે.SOGને બાતમી મળતા દરોડા પાડતા ગાંજા ઝડપાયો હતો. તેમજ ગેરકાયદેસર લીલા ગાંજાના છોડ સાથે એકને પકડ્યો હતો. જેમાં ૩૦ નંગ ગાંજાના છોડ હતા. જેની એસઓજીને બાતમી મળતા દરોડા પાડતા ગાંજા ઝડપાયો હતો. અને ચોટીલા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો હતો.

---

## ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ

**ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે । પરિક્રમા રૂટ પર લાઈટીંગ, પાણી, ભોજનની વ્યવસ્થા**

। પ્રતિનિધિ,જુનાગઢ,તા.૧૩ ।

જુનાગઢમાં કારતક સુદ અગિયારસથી ગરવા ગિરનારની પાવનકારી પરિક્રમાનો પ્રારંભ થયો છે. અગિયારસથી પૂનમ સુધી ચાલનારી આ પ્રરિક્રમા આદિ અનાદીકાળથી આયોજિત થતી આવે છે. પુરાણોમાં પણ ગિરનારની પરિક્રમાનો ઉલ્લેખ છે. પુરાણોમાં જણાવ્યા મુજબ સૌપ્રથમ ભગવાન શ્રીકૃષ્ણએ ગિરનારની પરિક્રમા કરી હોવાની માન્યતા છે. પોતાની બહેન સુભદ્રાના લગ્ન માટે ભગવાન શ્રીકૃષ્ણએ સૌપ્રથમ આ પરિક્રમા કરી હોવાનો ઉલ્લેખ પુરાણોમાં છે. એવુ પણ કહેવાય છે કે ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે અને આથી જ જે કોઈ વ્યક્તિ ગિરનારની પરિક્રમા કરે છે તેને સાત જન્મનું પૂણ્ય પ્રાપ્ત થાય છે. આથી પૂણ્યનું ભાથુ બાંધવા માટે દર વર્ષે યાત્રિકો દૂર દૂરથી ઉમટી પડે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો ગિરનારની પરિક્મા કરવા માટે આવે છે. આ વર્ષે સાત લાખથી પણ વધુ પરિક્રમાર્થીઓ આ પરિક્રમા કરી રહ્યા છે.આદિ અનાદિકાળથી આયોજિત થતી આ પરિક્રમાની પરંપરા આજે પણ અકબંધ જળવાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી યાત્રિકોના ધસારાને જોતા અને જંગલમાં પરિક્રમાં રૂટ પર યાત્રિકોને અગવડ ન પડે તે હેતુથી ૨૪ કલાક પૂર્વે જ પરિક્રમા માર્ગને વનવિભાગ દ્વારા ખુલ્લો મુકવામાં આવે છે. જો કે વિધિવત પ્રારંભ તો કારતક સુદ અગિયારસે મધરાતથી જ થાય છે અને 'જય ગિરનારી'ના નાદથી સમગ્ર પરિક્રમાનો માર્ગ ગૂંજી ઉઠે છે. આ વર્ષે હાલ પરિક્રમાના રૂટ પર ચાર લાખ ભાવિકો પરિક્રમા કરી રહ્યા છે જ્યારે ત્રણ લાખ ભાવિકો નળ પાણીની ઘોડી વટાવી ચુક્યા છે.

---

કોલ્ડપ્લેએ ૨૦૧૬માં મુંબઈમાં ગોલ્ડન સિટીઝન ફેસ્ટિવલમાં પરફોર્મ કર્યું હતું

## ૨૫મી જાન્યુઆરીએ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડ પ્લે કોન્સર્ટ યોજાશે

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૩ ।

આખી દુનિયા જે કોલ્ડપ્લે કોન્સર્ટને લઈને દીવાના છે તે કોન્સર્ટ ગુજરાતમાં યોજાવા જઈ રહી છે. ૨૫મી જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય સંગીત સમારોહ યોજાશે. બુક માય શો પર ૧૬ નવેમ્બરથી ટિકિટનું ઓનલાઈન વેચાણ થશે. સંગીત પ્રેમીઓ માટે સારા સમાચાર છે. કોલ્ડપ્લેની કોન્સર્ટ ગુજરાતના આંગણે જ માણી શકાશે. મોદી સ્ટેડિયમમાં યોજાનારી આ કોન્સર્ટની ટિકિટ ૨૫૦૦ રૂપિયાથી શરૂ થશે.



નોંધનીય છે કે આ શોની ટિકિટ મિનિટોમાં જ વેચાઈ જાય છે. પછી આ લાખો રૂપિયામાં બ્લેકમાં વેચાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમદાવાદમાં ઓનલાઈન ટિકિટ વેચાણ શરૂ થયાની થોડી જ મિનિટોમાં તમામ ટિકિટો વેચાઈ જશે.

કોલ્ડપ્લેના ત્રણ કોન્સર્ટ ૧૮, ૧૯ અને ૨૧ જાન્યુઆરીએ મુંબઈમાં યોજાનાર છે. હવે તેમાં અમદાવાદનો પણ ઉમેરો થયો છે. મુંબઈમાં કોન્સર્ટની જાહેરાત થતાં જ ભારે ભીડને કારણે ઘણા લોકોને ટિકિટ મળી શકી ન હતી. ઓનલાઈન બુકિંગ માટે લાખો લોકોનું વેઈટિંગ લિસ્ટ હતું. ટિકિટ ન મળતા ઘણા ચાહકો નિરાશ થયા હતા.

મુંબઈમાં ત્રણ શો હાઉસફુલ થઈ ગયા છે. તેમની ટિકિટો લાખોમાં બ્લેકમાં વેચાઈ રહી છે. તેવી જ રીતે હવે અમદાવાદમાં કોન્સર્ટની જાહેરાત થતાં શહેરની હોટલો હાઉસફુલ થઈ શકે છે. આ શો જોવા માટે અન્ય રાજ્યોમાંથી પણ લોકો આવશે.






CMYK

મારો વિસ્તાર
મારો અવાજ

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Thursday
14-11-2024



લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

માત્ર ચેકિંગ કાઉન્ટર વધાર્યા પણ બોર્ડિંગ પાસ લેવા માટે અને ઈમિગ્રેશનમાં પેસેન્જરને લાંબો સમય રાહ જોવી પડે છે

# અમદાવાદ એરપોર્ટ ઉપર પેસેન્જર ફેસિલિટીના નામે માત્ર ધૂપલ ચાલી રહ્યું હોવાની રાવ ઉઠી

## પેસેન્જર પ્રણામ સર્વિસમાં ઓનલાઈન બુકિંગ કરાવે તો સામાન અંદર લઈ જવા માટેના ૧૭૦૦ રૂપિયા ચૂકવવા પડે છે

। ક્રાઈમ રિપોર્ટર, અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદનું એરપોર્ટ અદાણી ગ્રુપ પાસે ગયા પછી એરપોર્ટ પર પેસેન્જર માટે ફેસીલીટી ઊભી કરવામાં આવી છે તેવી મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે અને તાજેતરમાં ચેક ઈન કાઉન્ટર ૩૪ થી વધારીને ૫૬ કરવામાં આવ્યા છે જેના કારણે પેસેન્જરને લાઈનમાં ઊભા રહેવું પડે નહીં હકીકત એવી છે કે લગેજનું ચેકિંગ થઈ જાય પછી બોર્ડિંગ પાસ લેવા માટે પણ લાઈનમાં ઊભા રહેવું પડે છે. ત્યારબાદ પેસેન્જરને ઈમિગ્રેશન માટે લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે ખાસ કરીને બિઝનેસ ક્લાસ અને ફર્સ્ટ ક્લાસના પેસેન્જરો માટે કોઈ સ્પેશિયલ કાઉન્ટર રાખવામાં આવ્યા નથી એટલું જ નહીં કોઈ વીઆઈપી પેસેન્જર હોય તો તેના માટે પણ કોઈ ફેસીલીટી રાખવામાં આવી નથી જેના કારણે તેઓને પણ અન્ય પેસેન્જરની સાથે લાઈનમાં ઊભા રહેવું પડે છે જેમાં ઘણો સમય નીકળી જાય છે.

ઈમિગ્રેશનસપૂરું થયા પછી સીઆઈએસએફનું ચેકિંગ શરૂ થાય છે અને ત્યાં પણ હેન્ડબેગ નું સ્ક્રિનિંગ કરવામાં આવે છે અને પેસેન્જર નું પણ મેટલ ડિટેક્ટર ની મદદ થી ફિઝિકલ ચેકઅપ કરવામાં આવે છે સીઆઈએસએફ પાસે માત્ર હેન્ડ બેગ સ્ક્રીનીંગ કરવાના માત્ર બે મશીનો છે પૂરતા સ્ક્રિનિંગ મશીનો અને આપૂરતા સ્ટાફને કારણે ઈમિગ્રેશન થઈ ગયા પછી પણ પેસેન્જરને લાંબો સમય સી આઈ એસ એફ ની સિક્યુરિટી ચેકિંગમાં ઊભા રહેવું પડે છે હકીકતમાં પેસેન્જર સેફટી અને પેસેન્જર ફેસિલિટી માત્ર પ્રાઈવેટ પાર્ટીઓને કમાણી કરાવવા માટે શરૂ કરાયા છે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ટર્મિનલ બિલ્ડિંગ ની અંદર કેટલાક ખાણીપીણીના સ્ટોલ બનાવવામાં આવ્યા છે એટલું જ નહીં એરપોર્ટની બહાર પણ કેટલાક સ્ટોલ બનાવવામાં આવ્યા છે તે પણ કમાણી કરવાના હેતુથી જ શરૂ કરવામાં આવ્યા છે ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં મુસાફરી કરતા પેસેન્ઝરો ને રૂપિયાની જરૂર હોય તો કરન્સી એક્સચેન્જ કાઉન્ટર કે બેંકોના એટીએમ મશીન રાખવામાં આવ્યા નથી એટલું જ નહીં પીવાના પાણીની પણ સગવડ નથી એરપોર્ટ પર બહારથી આવતા રીક્ષા ચાલકોને રીક્ષાઓ પણ પાર્ક કરવાની મનાઈ ફરમાવી દેવામાં આવી છે ખાનગી કોન્ટ્રાક્ટરો ટ્રાફિક પોલીસને બોલાવીને રીક્ષાઓને સીલ મરાવી દે છે જેના કારણે રોજબરોજ રીક્ષા ચાલકો અને ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટરોના માણસો સાથે ઝઘડાઓ પણ થઈ રહ્યા છે અને પોલીસ પણ ખાનગી કોન્ટ્રાક્ટરોની મદદ કરી રહી છે એટલું જ નહીં ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જતા પહેલા પેસેન્જર એ પ્રણામ સર્વિસ ની મદદ લેવી હોય તો પેસેન્જર એ તેની બે ચેકિંગ બેગેજ અને એક હેન્ડબેગ એરપોર્ટ ની અંદર લઈ જવી હોય તો રૂપિયા ૧૭૦૦ ઓનલાઈન ચૂકવવા પડે છે.

### ઉચ્ચકક્ષાએથી તપાસ થાય તો હક્કીત બહાર આવશે

આમ પ્રણામ સર્વિસના નામે પેસેન્જરને ફેસીલીટી આપવા સ્ના બહાને રીતસર લૂંટ ચલાવવામાં આવી રહી છે. નાદુરસ તબિયત હોય અને ડોક્ટર નું સર્ટિફિકેટ હોય તેવા કેટલાક કિસ્સાઓમાં પેસેન્જર કે સિનિયર સિટીઝનો ટિકિટ બુક કરાવતી વખતે વીલચેર બુક પણ કરાવતા હોય છે પણ જ્યારે પેસેન્જર એરપોર્ટ ઉપર પહોંચે ત્યારે કોઈપણ એરલાઈન્સ કંપનીનો કર્મચારી વ્હીલ ચેર લઈને ઉભો હોતો નથી કે કોઈપણ એરલાઈન્સ એ વીલ ચેર પેસેન્જર માટેના કાઉન્ટર મૂક્યા નથી જેના કારણે પેસેન્જરને ચાલતા ચાલતા અંદર જવું પડે છે ત્યારબાદ અંદર જઈને કર્મચારીને કહેવામાં આવે ત્યારે વીલ ચેર આપવામાં આવે છે દરેક એરલાઈન્સ ને ખબર હોય છે કે અમારી એરલાઈન્સમાં મુસાફરી કરનાર પેસેન્જર પૈકી કેટલા પેસેન્જર ઓએ વીલ ચેપ બુક કરવામાં આવી છે તે પ્રમાણે વિલ ચેર સાથે અને પેસેન્જરના લિસ્ટ સાથે કોઈ કર્મચારી કે કાઉન્ટર પર બનાવવામાં આવ્યા નથી.

## વિદેશ જવાની લાલચમાં એક યુવતી સાયબર ક્રાઇમનો ભોગ બની

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

વિદેશ જવાની લાલચમાં એક યુવતી સાયબર ક્રાઈમનો ભોગ બની હતી. જેમાં પહેલા યુવતીને પાર્સલમાં કિંમતી વસ્તુઓ મોકલાવી હોવાની લાલચ આપી અને ત્યારબાદ અલગ અલગ બહાના હેઠળ અને જેલમાં પુરી દેવાની ધમકી આપીને યુવતી પાસેથી રૂપિયા ૧ લાખ ૩૧ હજાર પડાવી લેવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર ઘટનામાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતી યુવતીને વિદેશ જવાની ઘેલછા ભારે પડી હતી. યુ.એન. મહેતા હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નર્સ તરીકે ફરજ બજાવતી યુવતીએ ઈન્સ્ટાગ્રામ પર વિદેશ જવા માટેની એક જાહેરાતમાં આપેલ મોબાઈલ નંબર પર વાતચીત કરતા ગઠિયાએ યુવતીના કેટલાક ડોક્યુમેન્ટની માંગણી કરી હતી. જોકે એકાદ અઠવાડિયા બાદ યુવતીએ તેના પિતા એબ્રોડ જવાની ના પાડી રહ્યા હોવાનું કહીને ડોક્યુમેન્ટ મોકલી આપ્યા ન હતા.

## લાંબા સમય બાદ સુરત સિવિલ હોસ્પિટલની બહારથી દબાણ હટાવાયા

। પ્રતિનિધિ, સુરત, તા.૧૩ ।

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી એવી સુરતની સિવિલ હોસ્પિટલ મુખ્ય બહારના મુખ્ય ગેટ પર માથા ભારે દબાણ કરનારાનો કબજો હોવાના કારણે લોકોની સારવાર કરનારી સિવિલ હોસ્પિટલ દબાણની સમસ્યાથી પીડાઈ રહી છે. આ ગેટ પર માથાભારે દબાણ કરનારાઓ સાથે રીક્ષાનો પણ જમેલો હોવાથી ટ્રાફિકની ભારે સમસ્યા થતા અકસ્માતનો સતત ભય રહેલો છે. જોકે, આજે પાલિકા તંત્રની ઉંઘ ઉડી છે અને અચાનક સિવિલ ગેટ બહારથી દબાણ દુર કર્યા હતા. જેના કારણે હાલ પુરતા દબાણ દુર થયા છે તેથી ટ્રાફિક સમસ્યા હળવી થઈ છે જોકે, આ દબાણ કાયમી ધોરણે બંધ થાય તેવી માંગણી કરવામાં આવી રહી છે. સુરતના મજુરાગેટ વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ આવી છે અને આ હોસ્પિટલમાં દક્ષિણ ગુજરાત જ નહી પરંતુ ગુજરાતની સરહદને જોડીને આવેલા રાજ્યમાંથી પણ દર્દીઓ સારવાર માટે આવે છે.

## વડોદરામાં પિઝા શોપ ઉપર આગ : લોકોમાં ભાગદોડ મચી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરમાં આજે વહેલી સવારે પિઝા શોપમાં અચાનક આગ લાગી હતી. આગ લાગતાની સાથે જ લોકોની નાસભાગ મચી ગઈ હતી. અને ફાયર વિભાગને તાત્કાલિક ફોન કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગ ઘટના સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. અને મોટી જાનહાની થતા બચી ગઈ હતી.

વડોદરા શહેરમાં આવેલા સમાં સાવલી રોડ ઉપર આજે વહેલી સવારે અચાનક પિઝા શોપ ઉપર કોક કારણ સર આગ લાગી હતી. આગ લાગવાની સાથે જ લોકોમાં દોડ ધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાટ સ્વરૂપ હતી. કે આસપાસ રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ફાયર વિભાગને જાણ થતા ફાયર વિભાગ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવી હતી. અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. અને કોઈ મોટી જાનહાની થતા રોકી દીધા હતા. જે પિઝા શોપ ઉપર આગ લાગી હતી. તેના ઉપર એક હોસ્પિટલ આવેલુ છે. ત્યા સુધી આગ પ્રસરી હતી. હોસ્પિટલમાં દાખલ દર્દીઓને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. અને એક મહિલાની ડિલેવરી પણ હતી. પણ આગ લાગવાની સાથે જ તે મહિલાને બીજી જગ્યા ઉપર ખસેડવામાં આવી હતી. અને આગ લાગતાની સાથે જ બારીના કાચ તોડી ગયા હતા. અને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો.

આ દિવસ બાળકો માટે વધુ યાદગાર બની ગયો

## નિક દ્વારા ચિકુ અને બંટી સાથે બાળ દિવસ પર અમદાવાદમાં કલ્પના જીવિત કરતી ખુશી લાવી !

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ અને લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલ અને પ્રાયોજકો- હગીઝ અને કેલોગ્સ સાથે ભાગીદારીમાં નિક ઈન્ડિયાએ હગીઝ દ્વારા પાવર્ડ તેમની ઈંહેપ્પી કિડિંગ કેમ્પેઈન હેઠળ મોજમસ્તીભરી પ્રવૃત્તિઓ થકી યુવા મનની અસીમિત ક્રિયાત્મકતાઓની ઉજવણી કરવામાં આવી.

બાળક વિશે સૌથી ચમત્કારી બાબતમાંથી એક સીમા વિના કલ્પના કરવાની તેમની ક્ષમતા છે, જે અસીમિત શક્યતાઓથી ભરચક દુનિયા નિર્માણ કરે છે. આ બાળ દિવસે નિક ઈન્ડિયા અમદાવાદમાં જીવનમાં ચમક લાવી હતી અને બાળકોને તેમનાં ફેવરીટ નિકટૂન્સ



ચિકુ અને બંટી સાથે તેમની કલ્પનાઓ ઉજાગર કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. ઈંહેપ્પી કિડિંગ કેમ્પેઈન હેઠળ નિક ઈંડિયા દ્વારા બાળકોની અસીમિત ક્રિયાત્મકતાની ઉજવણી કરાઈ હતી, જેથી આ દિવસ મોજમસ્તી, હાસ્ય અને અસીમિત અનુભવો સાથે અવિસ્મરણીય બની ગયો હતો!

આ ઉજવણી વેદાંત ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે થઈ હતી, જે પછી લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલમાં ઉજવણી કરાઈ હતી, જ્યાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રવૃત્તિઓમાં ભાગ લઈને તેમની કલ્પનાની શક્તિઓ ઉજાગર કરવા તેમને પ્રોત્સાહન આપ્યું હતું. એકત્રિત વાર્તાકથન સત્ર સાથે શરૂઆત કરાઈ હતી, જ્યાં બાળકોએ ઓપન-એન્ડેડ સ્ટોરીમાં તેમનો પોતાનો વળાંક આપીને આશ્ચર્યજનક નરેટિવ્ઝ નિર્માણ કર્યા હતા. વાર્તાઓ ઉજાગર થઈ તેમ વિદ્યાર્થીઓએ અનોખા ઈમેજિનેશન વોલ પર તેમના અજોડ વિચારોને જીવંત કર્યા હતા, જ્યાં વિદ્યાર્થીઓએ ચિત્રકળા અને શબ્દો થકી તેમના અજોડ વિચારોને દર્શાવ્યા અને વ્યક્ત કર્યા હતા.

## વેકેશનની અસર । સુરતની બ્લડ બેન્કમાં તમામ ગ્રુપના લોહીની સર્જાઈ અછત

। પ્રતિનિધિ, સુરત, તા.૧૩ ।

દિવાળીના વેકેશનની અસર સુરતના વેપાર ધંધાને તો થઈ જ છે પરંતુ સૌથી વધુ અસર શહેરની તમામ બ્લડબેંકને થઈ છે. તહેવારો અને ત્યારપછી રજાના દિવસોને કારણે શહેરની તમામ મોટી બ્લડબેક્રમાં અને સામાજિક સ્તરે પણ રક્તદાન કેમ્પના આયોજનો નહીં થતા લોહીની અછત સર્જાય છે. લોકોને રક્તદાન કરવા માટેની અપીલ કરવામાં આવી છે.સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના નિતેશ મહેતાએ જણાવ્યું કે, દરવર્ષે દિવાળીનાં તહેવારો અને વેકેશનનાં માહોલમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનાં આયોજનો ખૂબ જ ઓછા પ્રમાણમાં થતાં હોય છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને લોહીની અછતને સંપૂર્ણપણે નિવારી શકાય તે હેતુસર તમામ સેવાભાવી સંસ્થાઓ, મંડળોને રકતદાન શિબિરોનાં આયોજનો ગોઠવવા અને સ્વૈચ્છિક રક્તદાતાઓને રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે.

## રાજકોટ યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૩ ।

ગુજરાતમાં આવેલા તમામ યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. આ વર્ષે સરકાર ૧૩૫૬ રૂપિયા પ્રતિ મણના ભાવે ખરીદી કરશે. ત્યારે રાજકોટ યાર્ડમાં ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવાની શરૂઆત કરવામાં આવી છે. યાર્ડમાં મગફળીની સાથે સાથે તુવેર, ડુંગળી સહિતના પાકોની આવક થઈ રહી છે. યાર્ડમાં આજે વહેલી સવારથી જ મગફળી લઈને આવતા વાહનોના ૮ કિમી જેટલા રસ્તા પર થપ્પા જોવા મળ્યા હતા. ખેડૂતને મગફળી અને તુવેરના કેટલા ભાવ મળ્યા અહીં જાણીએ. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે ૧,૧૦,૦૦૦ ગુણી મગફળી, ૧૫ હજાર મણ કપાસ અને ૪૦ હજાર મણ સોયાબીનની આવક થઈ હતી. મગફળી, કપાસ અને સોયાબીનની સાથે સાથે માર્કેટ યાર્ડમાં આજે નવી તુવેરના પણ શ્રીગણેશ થયાં હતા.




અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન તેમજ ધારાસભ્ય હર્ષદભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# વડાપ્રધાન મોદી દ્વારા ચાંદલોડિયા-B રેલ્વે સ્ટેશન ખાતે 'પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર'નું ઈ-લોકાર્પણ

## અમદાવાદના ચાંદલોડિયા સહિત દેશનાં ૧૮ રેલવે સ્ટેશન ખાતે 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો'નું ઈ - લોકાર્પણ કરાયું





। માહિતી બ્યૂરો,અમદાવાદ,તા.૧૩ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ચાંદલોડિયા- B રેલ્વે સ્ટેશન ખાતે 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર'નું ઈ - લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન ચાંદલોડિયા - B રેલ્વે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના દરભંગાથી દેશમાં એકસાથે ૧૮ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો'નું ઈ - લોકાર્પણ કર્યું હતું, જેનું જીવંત પ્રસારણ અમદાવાદ ચાંદલોડિયા B રેલ્વે સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈને ઉપસ્થિત તમામ લોકોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ ચાંદલોડિયા B રેલવે સ્ટેશન સહિત ૧૮ રેલવે સ્ટેશન પર પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રની શરૂઆત કરાઈ છે. જે બદલ આપણે સૌ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આભારી છીએ અને દેશ આ પ્રકારની ઉમદા કામગીરી બદલ આજે ગૌરવ અનુભવી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર' થકી લોકોને ખૂબ જ નજીવા દરે ગુણવત્તાયુક્ત દવા પ્રાપ્ત થશે, જેથી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે. આજે દેશમાં ૧૩,૮૨૨ 'પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર' કાર્યરત છે, અને સરકાર દ્વારા હજુ પણ તેમાં વધારો આવી રહ્યો છે તે આપણા સૌ માટે ખૂબ જ આનંદની વાત છે, તેમ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે શ્રીમતી પ્રતિભાબહેન જૈન દ્વારા મહિલા પોલીસકર્મીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલે કર્યું હતું. તેમજ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ મંડલના રેલવે પ્રબંધક અને DRM શ્રી સુધીરકુમાર શર્મા, સિનિયર DCM શ્રી અનુ ત્યાગી તેમજ રેલવેના વિવિધ વિભાગના કર્મચારીશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રખિયાલ પોલીસે બે યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો

# દારૂની હેરાફેરી કરો છો ? કહી બે શખ્સે એક્ટિવા ચાલકના ૧.૬૧ લાખ લૂંટી લીધા

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૩ ।

સીટીએમ ચાર રસ્તા નજીક રહેતા વ્યક્તિ સારંગપુર ઘંટાકર્ણ માર્કેટમાં કુરિયર કંપનીમાં નોકરી પૂર્ણ કરીને રાત્રે તેના સાથી મિત્ર સાથે ઘરે પાછા આવી રહ્યા હતા. આ સમયે રખિયાલ નિશાન ઈન્ડસ્ટ્રી કંપનીના ગેટ પાસે પહોંચ્યા તે સમયે નંબર પ્લેટ વગરની એક્ટિવા લઈને આવેલા બે શખ્સોએ તમે દારુની હેરાફેરી કરો છો તેવું કહીને નોકરીયાત બંને વ્યક્તિને ઊભા રાખ્યા અને તેમના વાહનની ડેકી ખોલાવીને તપાસ કરવા લાગ્યા હતા. થોડીવારમાં એક્ટિવા પર આવેલા બે શખ્સોમાં એક આરોપી યુવકે તેની પાસે રહેલી છરી કાઢીને યુવકના સાથીકર્મીના ગરદન પર મૂકીને ખિસ્સામાંથી રોકડા રૂ. ૧૧ હજાર કાઢી લીધા હતા અને ગળામાં પહેરેલી સોનાની ચેઈન લૂંટીને બંને ફરાર થઈ ગયા હતા. આ મામલે યુવકે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સીટીએમ નજીક યશવિજય સોસાયટીમાં પરિવાર સાથે રહેતા રજનીકાંત પટેલ (ઉં. ૪૬) સારંગપુર ઘંટાકર્ણ માર્કેટમાં કુરિયર કંપનીમાં નોકરી કરે છે. તેમની સાથે નોકરી પર તેમનો મિત્ર મુકેશ પણ રોજ સાથે અવરજવર કરતા હોય છે. ૯ નવેમ્બરે રાત્રે રજનીકાંત અને મુકેશ નોકરીથી છુટીને એક જ ટુ-વ્હીલર ઘરે જતા હતા.

# સુરતમાં સગા બાપે જ દિકરી ઉપર નજર બગાડી અડપલાં કર્યા

। પ્રતિનિધિ,સુરત, તા.૧૩ ।

બાપ-દીકરીના પવિત્ર સંબંધને લાંછન લગાવતો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. હવસખોર સગા પિતાએ જ પોતાની પુત્રી ઉપર નજર બગાડી હતી. દીકરી જ્યારે ઘરે એકલી હોય ત્યારે તેની સાથે અડપલાં કરતો હતો. યુવાન દીકરી પિતાના ત્રાસથી કંટાળીને આખરે પોલીસ પાસે પહોંચી હતી. પોલીસે ગુનો નોંધીને નરાધમ પિતાની ધરપકડ કરી છે.કાપોદ્રા પોલીસ મથકેથી મળતી વિગતો અનુસાર આરોપી પિતા તેની દીકરી સાથે રાત્રિના સમયે એકલતાનો લાભ લઈને પાસે સૂઈ ગયો હતો. અંગો ઉપર હાથ ફેરવીને અડપલાં કર્યા હતાં. દીકરી જાગી જાય તો સૂવાનું નાટક કરવા લાગતો હતો. આખરે દીકરીએ સમગ્ર ઘટના અંગે માતાને વાત કરી હતી. માતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. માતાએ હિંમત આપતા દીકરીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે પિતાની ધરપકડ કરી છે.







## તંત્રી લેખ...

# સરકારી અધિગ્રહણ પર સુપ્રીમની લગામ

ઋગ્વેદમાં કહેવાયું છે, 'એકં સત વિપ્રા બહુધા વદન્તિ' એટલે કે એક જ સત્યને બુદ્ધિમાન લોકો અલગ-અલગ રીતે જણાવે છે. ખાનગી સંપત્તિના જાહેર હિતમાં સરકારના અધિગ્રહણ કરવાના અધિકાર વિશે સુપ્રીમ કોર્ટના નવ જજોનો નવો ચુકાદો એવું જ એક દૃષ્ટાંત છે. ચુકાદાનું મહત્ત્વ સમજતાં પહેલાં ૪૦ વર્ષથી ચાલી રહેલા વિવાદને સમજવો જરૂરી છે. મુંબઈમાં જૂના જીર્ણશીર્ણ મકાનોથી લોકોને ખતરાથી બચાવવા અને આવાસની સમસ્યાના સમાધાન માટે મહારાષ્ટ્ર સરકારે ૧૯૮૬ના મ્હાડા કાયદામાં બદલાવ કર્યા. સાઈઠ વર્ષ જૂની ૧૫,૦૦૦ થી વધુ ઈમારતોના કેટલાય માલિકોએ નવા કાયદાને હાઈકોર્ટ અને પછી સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો. સુપ્રીમ કોર્ટના આઠ જજોએ બહુમતીથી તેમના હકમાં ચુકાદો આપ્યો છે, પરંતુ ચાર દાયકાની ખટલાબાજી બાદ આવેલા આ ચુકાદાથી મકાનમાલિકોને કેટલી રાહત મળશે? અત્યાર સુધી ૧૭ કેસોમાં નવ જજોની બંધારણીય પીઠ બની છે. બંધારણીય પીઠના ચુકાદા અનુસાર, બે કે ત્રણ જજોની પીઠ મુખ્ય બાબતોમાં ચુકાદો આપે છે. તેથી આ ચુકાદા બાદ પણ લોકોને ન્યાય મળવામાં વધુ સમય લાગી શકે છે. દાદા કેસ દાખલ કરે, પુત્ર લડે અને પૌત્રના સમયે ચુકાદો આવે, પરંતુ ન્યાય ન મળે! ન્યાયિક વિલંબના આ દેશવ્યાપી વાયરસથી મુક્તિ માટે સુપ્રીમ કોર્ટના આગામી ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ ઠોસ પગલાં ઉઠાવવાની જરૂર છે.આ મામલે બંધારણીય પીઠ સામે બે મહત્ત્વના સવાલ હતા. પહેલો, સંસદથી બંધારણ સંશોધન અને સુપ્રીમ કોર્ટના કેટલાય ચુકાદઓ બાદ સંપત્તિના મૌલક અધિકારો સાથે જોડાયેલા અનુચ્છેદ ૩૧-સીની બંધારણીય સ્થિતિ શી છે? બીજો, લોકોની ભલાઈ અને સમાનતા માટે સંસાધનોના ન્યાયસંગત વિતરણ વિશે અનુચ્છેદ ૩૯ના દાયરામાં શું તમામ ખાનગી સંપત્તિઓને સામેલ કરી શકાય? સેવાનિવૃત્ત થઈ રહેલા ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે સાત અન્ય જજો સાથે બહુમતના ચુકાદામાં કહ્યું કે દરેક ખાનગી સંપત્તિને સમુદાયના ભૌતિક સંસાધન માનીને સરકાર તેમનું અધિગ્રહણ ન કરી શકે, જ્યારે અસહમતિના ચુકાદામાં જસ્ટિસ ધુલિયાએ કહ્યું કે ભૌતિક સંસાધનોને નિયંત્રિત અને વિતરિત કરવા બાબતે કાયદો બનાવવાનો અધિકાર સંસદ પાસે છે અને તેમાં ન્યાયિક હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી.મુખ્ય ચુકાદા સાથે સહમત થનારાં મહિલા જસ્ટિસ નાગરત્નાએ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડની ટિપ્પણીઓ પર વાંધો ઉઠાવતાં ૧૩૦ પાનાંનો અલગ ચુકાદો લખ્યો છે.

## વાંચન વિશેષ



લેખક : ફાલ્ગુની વસાવડા

**લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે.**

**જેને કોઈ ને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે.**

# પ્રબોધ નો બોધ! પતિવ્રતા સ્ત્રીનાં વ્રતનો ભંગ કરનાર જો ઈશ્વર હોય તો એ પણ દંડિત થાય છે

**સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે.**

આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની શરૂ થશે. ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુના લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળી ની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે.ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના



ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈ ને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે.

પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાના લગ્ન રાક્ષસ કુળના જ જલંધર નામના એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપના આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધરને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવો ને હરાવવા માટે એ સિવાય બીજો કોઈ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે. ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે.

મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈ અને મંત્ર કરતી ઉભી થઈ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધરનું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલધર રુપે વ્યક્તિને જુએ છે. ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે. આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરુપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે. તે દિવસથી ભગવાનનો અંશ આ પથ્થરમાં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે.

## થોડું હટકે...

# પાણીની કમીથી એલર્જીની શંકા છે

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઈ જાય છે. આના કારણે બિમારી થઈ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઈ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઈને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે. થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઈબર સારી રીતે અવશોષિત થઈ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઈમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઈન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઈ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઈડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઈટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઈ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઈ શકે છે. ૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઈ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઈ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે.

## આજકાલ



લેખક : દીપક જગતાપ

**ફૂલોના છોડની ૨૫૦૦૦થી વધુ પ્રજાતિઓ પર મધમાખી પરાગનયનનું કામ કરે છે**

**પરાગાધાન નહીં કરે તો એક વર્ષમા અબજો ડોલરની આવક અને ખોરાકનો સ્રોત અદૃશ્ય થઈ જશે. વધતું જતું તાપમાન, પ્રદુષણ, જંતુનાશકો તેમજ ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા અન્ય ઝેરી પદાર્થોનો ઉપયોગ મધમાખીઓના વિનાશનું કારણ બન્યા છે**

# ધીમે ધીમે લુપ્ત થતી મધમાખીઓને બચાવવા માટે કોણ આગળ આવશે?

**આપણા માટે અમૃત સમાન મીઠુ મધ પુરી મધમાખીઓની સંખ્યા ક્રમશઃ ઘટી રહી છે એ ચિંતાનો વિષય બન્યો છે.જો મધમાખીઓ લુપ્ત થઈ જાય છે, તો તે માનવ પ્રજાતિના અસ્તિત્વ માટે ખૂબ જ ગંભીર સમસ્યા હોઈ શકે છે**

મૂળભૂત રીતે, મધમાખીનું મુખ્ય કાર્ય અથવા ઈકોસિસ્ટમ છે પરાગાધાન. ઈકોસિસ્ટમ્સમાં મધમાખી ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે છોડની ઘણી પ્રજાતિઓ તેને ફરીથી ઉત્પન્ન કરવા માટે જરૂરી હોય છે. છોડની જેમ, પરાગ માટે મધમાખીની જરૂર હોય છે.જો પરાગ રજ ન હોય તો, તેઓ અદૃશ્ય થઈ જશે. જો મધમાખીઓ ફળો અને શાકભાજી કે જે આપણે ખાઈએ છીએ તેને પરાગાધાન કરવાનું બંધ કરી દે છે, તો વિશ્વ એક મહાન પોષક ફળો ગુમાવશે. મધમાખી પરાગ રજ કરે છે ફૂલોના છોડની ૨૫૦૦૦ થી વધુ પ્રજાતિઓ. આ જંતુઓ વિના, કૃષિ પ્રવૃત્તિ લુપ્ત થવાનું વલણ ધરાવે છે. પરંતુ લાખો પરિવારો જેની કૃષિ ઉપર આધારિત છે તેમની આવક ઓછી થતી જોશે. તેથી જ મધમાખીઓના અદય થવું એ વિશ્વના અર્થતંત્રની સ્થિરતામાં ગંભીર અસંતુલન સૂચિત કરશે. મધમાખીઓ જો કે પરાગાધાન નહીં કરે તો એક વર્ષ મા અબજો ડોલરની આવક અને ખોરાકનો



સ્રોત અદય થઈ જશે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન તેમણે જણાવ્યું હતું કે જો મધમાખીઓ પૃથ્વીના ચહેરા પરથી ગાયબ થઈ જાય છે, તો તે મનુષ્યને અદૃશ્ય થવામાં ચાર વર્ષ પણ લેશે નહીં. મધમાખીઓ લુપ્ત થઈ ગઈ છે અથવા તેમની વિશ્વની વસ્તી એટલી ઓછી થઈ ગઈ છે કે તેઓ તેમના પરાગનયન કાર્યને પૂર્ણ કરી શક્યા નથી, ઈકોસિસ્ટમ્સનું ઈકોલોજીકલ સંતુલન નકારાત્મક અસર કરશે. પ્રાણીઓની તમામ પ્રજાતિઓ જે છોડ પર આધારિત છે તેઓ મૃત્યુ પામે છે. તેનો અર્થ પ્રાણી અને વનસ્પતિની પ્રજાતિઓનો મોટાપાયે લુપ્ત થવાનો છે, કારણ કે પરાગાધાન વિના, તેઓ ફરીથી પેદા કરી શક્યા નથી. મધમાખી શા માટે ગાયબ થઈ રહી છે?:મધમાખીની વસ્તી અને મધનું ઉત્પાદન કેમ ઘટી રહ્યું છે તે સમજાવવા માટેના ઘણાં બધાં અભ્યાસ છે.

જો કે, આ પાછળનું કારણ હજુ સુધી સંપૂર્ણ રીતે જાણી શકાયું નથી. ૨૦૦૦ પછીથી વિવિધ કેસોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, તેમાંની એક સમસ્યા છે "મધમાખી વસાહતોનું સંકુચિત કરો". આ સમસ્યા એ છે કે મધમાખીની નોંધપાત્ર સંખ્યા અચાનક મધપૂડોમાંથી ગાયબ થઈ જાય છે. તે કામદાર મધમાખી છે. જે પરાગાધાન અને ખોરાકને મધપૂડોમાં લાવવાનો હવાલો લે છે. આ અચાનક ગાયબ થવાનાં કારણો ઘણા હોઈ શકે છે. ઈકોસિસ્ટમ્સમાં ફેરફારને કારણેછે. રોગોનો ફેલાવો જે મધમાખીઓને અસર કરે છે અને પ્રમાણમાં ઝડપથી ફેલાય છે. એમાના એક રોગનું ઉદાહરણ છે ઈઝરાઈલનું પાણીયુક્ત લકવો વાયરસ, જે પાંખોમાં સ્થિરતા અને તેમના મૃત્યુનું કારણ બને છે. શક્યતા છે કે મધમાખી દ્વારા અસર થાય છે જંતુનાશકો અથવા ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા અન્ય ઝેરી પદાર્થોનો ઉપયોગ મધમાખીઓના વિનાશનું કારણ બન્યા છે મધમાખી માટેના અન્ય જોખમો છે :હવામાન પલટો, વધતાજતા વૈશ્વિક તાપમાનને લીધે વિશ્વભરમાં અનેક પ્રાણીઓ અને વનસ્પતિ પ્રજાતિઓની શ્રેણીમાં અસંતુલનનું કારણ બની રહ્યું છે. પ્રાણીઓ કે જે ફક્ત એક તાપમાન બેન્ડમાં ટકી શકે છે તે તાપમાનમાં વિવિધતા હોવાથી હવે મોટા વિસ્તારોમાં ફેલાય છે. આ મધમાખીઓને અસર કરતી અને તેમની વસ્તી ઘટાડવાના ઘણા નવા શિકારીના દેખાવનું કારણ બનવા સક્ષમ છે.

ઉદાહરણ તરીકે, જાપાનના ખૂની હોર્નેટ્સ, હવામાન પરિવર્તન બદલ આભાર, તેમની શ્રેણીમાં વધારો થયો છે. આ ભમરી મધમાખી માટે ઘાતક છે, એટલી હદે કે તેમાંના થોડા જ સંપૂર્ણ મધપૂડોને મારી શકે છે. વાયુ પ્રદૂષણ : મનુષ્ય હવાને લગભગ વ્યાપક રીતે પ્રદૂષિત કરે છે. ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતા દરરોજ વધી રહી છે અને આ મધમાખીને પણ અસર કરી શકે છે. જ્યાં હવા ખૂબ પ્રદૂષિત હોય ત્યાં મધમાખીની વસ્તીને અસર થઈ શકે છે. વાયુ પ્રદૂષણ, રાસાયણિક સંદેશાઓની શક્તિને પણ ઘટાડે છે જે ફૂલો મધમાખીઓને આપે છે અને તેમને શોધવાનું વધુ મુશ્કેલ બનાવે છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી 30 ટકા સુધી ઘટી જાય છે

**જમ્મુ કાશ્મીરના સંદર્ભમાં જોવામાં આવે તો આવા ઓપરેશન સુધી મર્યાદિત દ્રષ્ટિના કારણે ઇચ્છિત પરિણામ હાંસલ થઇ શકશે નહી**

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઈ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઈ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઈ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર



સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ઉપથી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઈપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઈ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઈકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.

**સંકલન : પાર્થ એડવર્ટાઈઝ**
**પરેશ બ્રહ્મભટ્ટ : મો.૯૯૨૫૧૪૦૨૨૧**

---

C. N. Patel (Mo. 99250 35120)
N. N. Patel (Mo. 98255 13826)
N. C. Patel (Mo. 98792 45323)

SLCPF

HAPPY NEW YEAR

**Shri Laxmi Cement Pipe Factory**
Manufacturing of All size of R. C. C. Pipes

Nr. A. C. C. Gate, Sevalia-Balasinor Road,
Sevalia - 388 245, Ta. Galteshwar, Di. Kheda.
Tel. (02699) (O) 233221 - 22, email : slcpf_4280@yahoo.co.in
website : www.slcpf.com

---

સર્વે માનવંતા ગ્રાહકો તથા સૌ નગરજનોને શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન

**ઘનશ્યામ ગૃહ ઉદ્યોગ**
(ઠાસરા)

HAPPY NEW YEAR

**ગાયત્રી મસાલા પરિવાર** (ઠાસરાવાળા)

---

સાદીકઅલી : મો.૯૮૨૫૪૧૪૬૦૫
સફીભાઈ : મો.૯૮૨૪૬૦૩૧૩૧

હાર્દિક શુભેચ્છા સહ....

**એમ. કે. ટ્રાન્સપોર્ટ**

કપચી, ગ્રીટ, મેટલ, રઠબલના ઉત્પાદક તથા વિક્રેતા
દેવઘોડા મહાદેવ મંદીરની પાસે, સેવાલીયા, તા. ગળતેશ્વર, જી. ખેડા

**સૈયદ ટ્રાન્સપોર્ટ**

એમ. કે. ટ્રેડીંગ એમ. કે. ટ્રાન્સપોર્ટ

કપચી, ગ્રીટ, મેટલ, રઠબલ તથા ક્વૉરી મટીરીયલ્સના સપ્લાયર્સ
સૈયદ કાસમઅલી બાપુ (ઉપપ્રમુખ,ખે. જી.કોંગ્રેસ સમિતી) : મો. ૯૮૯૮૩૦૪૧૫૯
સૈયદ મહંમદસફી (ઉપસરપંચ,માલવણ ગ્રા.પં.) : મો. ૯૮૨૪૬૦૩૧૩૧
સૈયદ મુન્નાભાઈ : મો. ૯૮૨૪૪૦૩૯૮૨

HAPPY NEW YEAR

રહેમતપાર્ક, માતંગી સોસાયટીની બાજુમાં, ઠાસરા-ડાકોર રોડ, ઠાસરા. ફોન નં.: ૦૨૬૯૯ ૨૨૩૯૮૨

---

પાલી જીલ્લા પંચાયત મત વિસ્તારના સર્વે ગ્રામજનો તથા સ્નેહીજનોને નૂતન વર્ષાભિનંદન

**દિપેન એમ. પટેલ**
પૂર્વ સદસ્ય,
પાલી જીલ્લા પંચાયત મતવિસ્તાર

મુ. સેવાલીયા, તા. ગળતેશ્વર, જી. ખેડા

---

શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન

**ઠાસરા પોલીસ પરિવાર**
પીએસઆઈશ્રી
તથા સ્ટાફ પરિવાર
ઠાસરા પોલીસ સ્ટેશન

---

નૂતન વર્ષાભિનંદન...

**આરતી ગેસ્ટ હાઉસ**
મુ. ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા

---

શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**ઠાસરા**

HAPPY NEW YEAR

---

શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન

**સેવાલીયા પોલીસ પરિવાર**
પી.આઈ શ્રી એ. આર. ઝાલા
તથા સ્ટાફ પરિવાર
સેવાલીયા પોલીસ સ્ટેશન

---

રાજ્યની, જીલ્લાની તથા તાલુકાના સૌ અધિકારીઓ,
પદાધિકારીઓ તથા તમામ શિક્ષકગણને નવા વર્ષની
તથા લાભપાંચમની શુભેચ્છાઓ સહ...

**બાલાસિનોર તાલુકા પ્રાથમિક શિક્ષકોની ધિરાણ**
**અને ગ્રાહક સહકારી મંડળી લી.**

શ્રી નિમેષકુમાર બી.સેવક
ચેરમેનશ્રી
બા.તા.પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.સ.મં.લી.

શ્રી નરવતસિંહ બી.રાઠોડ
વાઈસ ચેરમેનશ્રી
બા.તા.પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.સ.મં.લી.

શ્રી રાજેન્દ્રભાઈ જે.જોષી
સહી અધિકારીશ્રી
બા.તા.પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.સ.મં.લી.

શ્રી ખુમાનસિંહ પી.રાણા
મંત્રીશ્રી
બા.તા.પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.સ.મં.લી.

તથા મંડળીના તમામ ડીરેક્ટરશ્રીઓ તેમજ સભાસદ ભાઈ-બહેનો

**બાલાસિનોર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ**

તથા સંઘના સૌ હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યો
તાલુકાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ તથા તમામ શિક્ષક ગણ

---

શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

**જીલ્કા સો મિલ**
મુ. ડાકોર,
તા. ઠાસરા, જી. ખેડા

---

**રાધે હોસ્પિટલ**
**એન્ડ આઈ.સી.સી.યુ.**
ડૉ. આર. એમ. પટેલ (એમ. ડી.)

હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ટીબી, ફેફસા,
આંતરડા, મગજ, લકવા તથા કીડનીના રોગોના નિષ્ણાંત

સ્વામિનારાયણ મંદિર પાસે, ઉમરેઠ રોડ, ડાકોર-૩૮૮૨૨૫

---

નૂતન વર્ષાભિનંદન

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર**
સેવાલીયા - મેનપુરા
વાંઘરોલી - પરબીયા

સમસ્ત કર્મચારી ગણ આપ સૌને દિપાવલી તથા
નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

---

નૂતન વર્ષાભિનંદન

**બ્લોક હેલ્થ ઓફિસ - ઠાસરા**
તથા આરોગ્ય પરિવાર

આરોગ્ય કેન્દ્ર - ઠાસરા

સમસ્ત કર્મચારી ગણ આપ સૌને દિપાવલી તથા
નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

---

મહાકાળી ડેરી પરિવાર તરફથી સર્વે ગ્રાહક મિત્રો, સ્નેહીજનો તથા શુભચિંતકોને
શુભ દિપાવલી તથા નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન..

Bhikabhai B. Patel
Vinodbhai K. Patel
Pravinbhai K. Patel
Bhaktibhai P. Patel

**Specialist in : All Dairy Products**

HAPPY NEW YEAR

એક ઐસા સ્વાદ... જો હર પલ રહે યાદ...

**SHREE મહાકાળી DAIRY FARM**

Thasra • Sevaliya • Thermal

---

Happy Diwali

HAPPY New Year

**સી.જે.જોષી**
ઈન. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
તાલુકા પંચાયત શિક્ષણ, ગળતેશ્વર

આચાર્યશ્રી ગળતેશ્વર મહાદેવ

---

ગળતેશ્વર તાલુકાની સર્વે જનતાને, સ્નેહીજનો, વડીલો તથા શુભચિંતકોને
નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન..

**જયંતિભાઈ રણછોડભાઈ પરમાર**
પ્રમુખશ્રી, તાલુકા પંચાયત ગળતેશ્વર

HAPPY NEW YEAR

કાર્યાલય : તાલુકા પંચાયત કચેરી ગળતેશ્વર, સેવાલીયા
નિવાસ : મુ. સેવાલીયા ગામ, તા. ગળતેશ્વર, જી. ખેડા

---

# ॥ નૂતન વર્ષાભિનંદન ॥

## એક શુભેચ્છક

## આલિયાએ સાઉથની છેલ્લી ફિલ્મ RRR કરી હતી

# કલ્કિ અને રાઝીનું કોમ્બિનેશન આલિયાની નારી કેન્દ્રિત ફિલ્મ



પ્રભાસ અને અમિતાભ બચ્ચનની બ્લોકબસ્ટર ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીના ડાયરેક્ટર નાગ અશ્વિને નારી કેન્દ્રિત ફિલ્મ બનાવવાનું વિચાર્યું છે. તેમાં લીડ રોલ માટે આલિયા ભટ્ટ ફાઈનલ થાય તેવી શક્યતા છે. 'રાઝી' અને 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી નારી કેન્દ્રિત ફિલ્મોમાં પોતાની ટેલેન્ટ પુરવાર કરી ચૂકેલી આલિયા ભટ્ટ પણ નાગ અશ્વિન સાથે કામ કરવા ઉત્સુક હોવાનું કહેવાય છે. એક્ટર અને ડાયરેક્ટર વચ્ચે આ અંગે વાટાઘાટો ચાલી રહી છે. નાગ અશ્વિનની નારી કેન્દ્રિત ફિલ્મ અંગે ખાસ વિગતો બહાર આવી નથી, પરંતુ તેમાં લીડ રોલ માટે આલિયા પરફેક્ટ ચોઈસ હોવાનું અનુમાન છે. રિપોર્ટ મુજબ, નાગ અશ્વિન પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવા માગે છે અને તેના માટે બજેટ પણ મોટું રખાયું છે. મહાભારતની કથામાંથી પ્રેરણા લઈને નાગ અશ્વિને બિગ બજેટ કલ્કિ બનાવતાં પહેલાં નારી કેન્દ્રિત ફિલ્મ મહંતી રિલીઝ કરી હતી. આ ફિલ્મમાં કિર્તિ સુરેશની દમદાર એક્ટિંગના વખાણ થયા હતા. 'મહંતી'ની પાન ઈન્ડિયા રિલીઝ શક્ય બની ન હતી, પરંતુ હવે નાગ અશ્વિનને મોટા ફલક પર જ ફિલ્મો બનાવવી અને રિલીઝ કરવી છે. તેના માટે આલિયાનું સ્ટારડમ તેમને જરૂરી લાગ્યું છે. આલિયાને બોલિવૂડમાં લોકપ્રિયતા મળેલી છે, જ્યારે ઈઈઈના કારણે સાઉથનું ઓડિયન્સ પણ આલિયાને ઓળખતું થયું છે. તાજેતરમાં રિલીઝ થયેલી આલિયાની 'જિગરા' બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે, પરંતુ આલિયાની એક્ટિંગના વખાણ થયા છે. ફિલ્મની નિષ્ફળતા માટે કોઈ રીતે આલિયાને જવાબદાર મનાતી નથી. નાગ અશ્વિનનો સમય અત્યારે સારો ચાલે છે અને તેઓ જે ફિલ્મ હાથમાં લે છે, તે હિટ બને છે. નાગ અશ્વિન પોતાની ફિલ્મના પાત્રોને ભવ્ય અને જાજરમાન બનાવવા માટે જાણીતા છે.

# 'સિંઘ ઇઝ કિંગ'માં અક્ષય કુમારનું સ્થાન રણવીર સિંહ લેશે?

## રણવીર સિંહ ના પાડે તો દિલજિત દોસાંજની પસંદગી થઈ શકે



અક્ષય કુમારની 'સિંઘ ઈઝ કિંગ' લોકપ્રિય તો ઘણી થઈ હતી, પરંતુ ખાસ ચાલી નહોતી. આ ફિલ્મના પ્રોડ્યુસર શૈલેન્દ્ર સિંઘે જ અક્ષયને સિંઘ ઈઝ કિંગનું ટાઈટલ ગિફ્ટ તરીકે પણ આપ્યું હતું. હવે આ ફિલ્મના કૉ-પ્રોડ્યુસર વિપુલ શાહ ફરી વખત આ ફિલ્મની સિક્વલ બનાવવાનું આયોજન કરી રહ્યા હોવાનું મીડિયા અહેવાલોમાં બહાર આવ્યું છે. તેમણે આ ફિલ્મ માટેનું કામ શરૂ કરી દીધું છે અને એક રોમેન્ટિક કોમેડી સ્ક્રિપ્ટને આ ફિલ્મની ફ્રેન્ચાઈઝી તરીકે રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે. પરંતુ ફિલ્મ અંગે એક નિઃરાશાજનક ખબર એ છે કે પ્રોડ્યુસર નથી ઈચ્છતા કે તેઓ બીજા ભાગમાં અક્ષય કુમારને લેવા ઈચ્છતા નથી. આ અહેવાલો મુજબ શૈલેન્દ્રસિંઘે કન્ફર્મ કર્યું છે કે તેમને આ ટાઈટલ પાછું મેળવતાં ૧૨ વર્ષ થયા છે. હવે આખરે તેમને ટાઈટલ મળી ગયું છે તો તેઓ આ ફિલ્મને પાછી લાવવામાં કોઈ વિલંબ કરવા માગતા નથી.તેમણે જણાવ્યું કે આવતા વર્ષ સુધીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ જશે. શૈલેન્દ્ર સિંઘે કહ્યું,''મેં અક્ષય કુમારને આ ટાઈટલ ગિફ્ટ કર્યું હતું, કારણ કે તેઓ આ ફિલ્મનો બીજો ભાગ બનાવવા માગતા હતા પરંતુ મારે સિક્વલ બનાવવી હતી, તેથી મેં તેમને આ ટાઈટલ પાછું આપવા કહ્યું. વિપુલ અને અક્ષયની ફરતે ૧૨ વર્ષ સુધી ફર્યા પછી અંતે મને ટાઈટલ પાછું મળ્યું છે. મેં સિક્વલ માટેની પ્રક્રિયા શરૂ કરી દિધી છે. ઓક્ટોબર ૨૦૨૫થી હું પ્રોડક્શન શરૂ કરી દઈશ જેથી હું ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ કરી શકું.''

# અભિનેત્રી રશ્મિકા મંદાનાની ૧૦ મહિનામાં ૬ ફિલ્મો રિલીઝ થશે

## રશ્મિકા પણ અક્ષયના રસ્તે, બેક ટુ બેક ફિલ્મો રિલીઝ થશે, રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે



રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે અને તેની પાસે ઈન્ડસ્ટ્રીને અપેક્ષાઓ પણ ઘણી છે. આ અપેક્ષાઓ પર ખરી ઉતરીને રશ્મિકા ટૂંક સમયમાં જ એક સ્ટાર તરીકે જાણીતી થઈ ગઈ છે. તે ટૂંકા સમયમાં અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજ સાથે કામ કરી ચૂકી છે. છેલ્લે તે રણબીર કપુર સાથે એનિમલમાં જોવા મળી હતી. છેલ્લાં ઘણાં સમયથી રશ્મિકા બૅક ટુ બૅક ફિલ્મ શૂટ કરી રહી છે. દરેકમાં તે વૈવિધ્યપૂર્ણ રોલ કરી રહી છે. આ ફિલ્મ્સના શૂટ બાદ હવે રશ્મિકાની છ ફિલ્મ એક પછી એક રિલીઝ થવા જઈ રહી છે. આ બધી ફિલ્મ ૧૦ મહિનાના સમયગાળામાં જ રિલીઝ થશે. આ રિલીઝની શરૂઆત 'પુષ્પા ૨'થી થશે, જેમાં ફરી એક વખત રશ્મિકા શ્રીવલ્લીના રોલમાં જોવા મળશે. આ વખતનો રોલ પહેલી ફિલ્મ કરતાં વધુ મહત્વનો હશે. એવું માનવામાં આવે છે કે ફિલ્મના ડિરેક્ટર સુકુમારે આ વખતે શ્રીવલ્લીના પાત્રને વધુ મોટું કર્યું છે. ત્યાર બાદ તેની મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી પરની ફિલ્મ 'છાવા' રિલીઝ થશે, જેમાં રશ્મિકા વિકી કૌશલ સાથે યેસુબાઈ ભોંસલેના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત રશ્મિકા ડિરેક્ટર રાહુલ રવિન્દ્રનની ફિલ્મ 'ધ ગર્લ ફ્રેન્ડ'માં મુખ્ય રોલમાં જોવા મળશે. જે ઉનાળામાં રિલીઝ થવાની શક્યતા છે. રશ્મિકા સલમાન ખાનની 'સિકંદર'માં પણ લીડ રોલમાં જોવા મળશે. એ.આર.મુરગાદોસની આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે પહેલી વખત જોવા મળશે. સાથે તે નાગાર્જુન અને ધનુષ સાથે ડિરેક્ટર શેખર કમ્મુલાની ફિલ્મ 'કુબેરા' પણ કરી રહી છે.


# મુકેશ ખન્નાએ દેશી સુપર હીરો 'શક્તિમાન'ની જાહેરાત કરી

૯૦ના દસકામાં મોટાં થયેલાં બાળકોનો કોઈ અસલી સુપર હીરો હોય તો એ શક્તિમાન છે, એક એવો સુપર હિરો જે ગોળ ફરતાં ઉડીને મુશ્કેલીમાં મુકાયેલા લોકોને બચાવે છે અને ગુનેગારોને પણ પકડે છે. ૯૦ના દાયકાના બાળકો માટે કોઈ પણ સ્પાઈડરમેન, સુપરમેન કે આયર્નમેન કરતાં શક્તિમાન વધુ જાણીતો સુપર હિરો હતો. હવે આજની પેઢીના બાળકોને પણ આ સુપરહિરોનો પરિચય થાય તે હેતુથી મુકેશ ખન્ના ઘણા લાંબા સમયથી એક ફિલ્મ બનાવવાનું આયોજન કરતા રહ્યા છે. અંતે હવે શનિવારે મુકેશ ખન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ટીઝર શેર કરીને ખાતરી આપી છે કે અંતે આ ઓરિજીનલ સુપર હિરો મોટા પડદે આવવા તૈયાર છે. મુકેશ ખન્નાએ શક્તિમાનનો એક નાનો વીડિયો શેર કરીને કૅપ્શનમાં લખ્યું હતું, ''તેના પાછા આવવાનો સમય થઈ ગયો છે''. આ પોસ્ટ શેર થતાં જ અનેક લોકોએ તેના પર કમેન્ટ કરીને પોતાની ઉત્સુકતા દર્શાવી હતી. આ વીડિયોની કૅપ્શનમાં મુકેશ ખન્નાએ લખ્યું,''આપણો પહેલો ભારતીય સુપર ટીચર-સુપર હિરો. હા! આજે જ્યારે અંધકાર અને દુષ્ટ શક્તિઓ આજના બાળકો પર હાવી થઈ રહી છે..ત્યારે એના પાછા ફરવાનો સમય થઈ ગયો છે. તે એક સંદેશ સાથે પાછો ફરે છે. તે શીખવવા માટે પાછો વે છે. આજની પેઢી તેનું બંને હાથ ખોલીને સ્વાગત કરી રહી છે.

# 'પઠાન' ફિલ્મમાં સલમાન-શાહરુખના સીનને લઈને આમિરે લીધી મજા

## સીન જોવામાં ખરેખર મજેદાર હતો

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાને લાંબા સમય બાદ ફિલ્મ 'પઠાન'થી કમબેક કર્યું હતું. સિદ્ધાર્થ આનંદ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરજસ્ત હિટ રહી હતી. લાંબા સમય બાદ શાહરૂખ ખાનને મોટા પડદા પર જોઈને ફેન્સ પણ ખૂબ જ ખુશ હતા. તેમજ આ ફિલ્મમાં સલમાન ખાને પણ શાનદાર કેમિયો કર્યો હતો. જેના કારણે બંને એક્ટર્સને લાંબા સમય બાદ મોટા પડદા પર સાથે જોઈને બંનેના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત હતા. પઠાન આ સીનમાં શાહરૂખ અને સલમાન આ આઈકોનિક એક્શન સીનમાં વિલન સામે લડે છે, ત્યારપછી આ બંને એક્ટર્સ તેમના પછી ભારતીય સિનેમાની બાગડોર કોણ સંભાળશે તેના પર મનોરંજક ચર્ચામાં કરતા જોવા મળે છે. જેની આમિરખાને ચર્ચા કરી. એક પોડકાસ્ટમાં આમિર ખાને શાહરૂખ અને સલમાનના પઠાન ફિલ્મના સીન પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'આ સીન જોવામાં ખરેખર મજેદાર લાગતો હતો. મેં ફિલ્મ નથી જોઈ પરંતુ સોશિયલ મીડિયા પર આ સીનની ક્લિપ જોઈ છે. મેં આ દ્રશ્ય જોયું અને તે રમુજી લાગ્યું.' પઠાનના એ વિશે જ્યારે હોસ્ટે આમિર ખાન સાથે વધુ વાત કરી ત્યારે અભિનેતા ખુશ થઈ ગયો અને મજાકમાં કહ્યું, 'આ સીન જોયા પછી નવા યુવા કલાકારો થોડા નિરાશ થયા હશે. એવામાં, તમે સલમાન અને શાહરૂખથી પણ નિરાશ ન થઈ શકો, તો શું કરી શકીએ.!'જો આમિર ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આમિર વર્ષ ૨૦૨૨માં આવેલી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં જોવા મળ્યો હતો. તેમાં કરીના કપૂર, મોના સિંહ અને નાગા ચૈતન્ય પણ મુખ્ય ભૂમિકામાં છે.



# બોક્સ ઓફિસના આંકડાઓમાં વધુ પારદર્શિતાની જરૂર : અજય દેવગન



બોલિવૂડમાં બોક્સ ઓફિસના છેતરામણા આંકડાઓ કે ખોટાં આંકડાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. થોડાં વખત પહેલાં આલિયા ભટ્ટ પર પણ બોક્સ ઓફિસના ખોટાં આંકડાઓ જાહેર કરવાનો આક્ષેપ થયો હતો. હવે આ ચર્ચામાં અજય દેવગન પણ જોડાયો છે. તેણે બોક્સ ઓફિસના બેઝનેસમાં પ્રાદર્શિતાની વાત પર ભાર મુક્યો હતો.તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલાં અજય દેવગનને ચાઈનમાં રહેલી બોક્સ ઓફિસ કલેક્શનની દર કલાકે થતી જાહેરાત, સરેરાશ ટિકિટના દર તેમજ કયા એજ ગ્રુપની ટિકીટ વધુ વેંચાઈ એ અંગે એક ચોક્કસ તંત્ર ગોઠવવામાં આવ્યું છે, તે અંગે પૂછાતાં અજયે કહ્યું હતું,''એ જરૂરી છે અને મને લાગે છે કે આપણે ધીરે ધીરે ત્યાં પહોંચી પણ રહ્યા છીએ. તો કદાચ થોડાં વર્ષોમાં બધું જ પારદર્શક થઈ જશે. પહેલાંથી જ થોડી પારદર્શિતા આવી રહી છે.''મનોરંજન ઉદ્યોગમાં આવી રહેલાં પરિવર્તનોથી તેને કેટલાક પડકારોના સામનો કરવો પડે છે તે અંગે અજયે કહ્યું,''ફિલ્મ મેકર્સ આજકાલ સ્ક્રિપ્ટ કરતાં વધારે આંકડાઓની વાત કરે છે. પહેલાં લોકો પેશનના કારણે ફિલ્મ બનાવતા હતા. હવે તેમાં આંકડાઓ આવી રહ્યા છે. તેનાથી દુઃખ લાગે છે.''હાલ અજય તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ સિંઘમ અગેઈનની સફળતાની મજા લઈ રહ્યો છે.

# પ્રભાસે રૂપિયા ૬૦૦ કરોડમાં ત્રણ ફિલ્મ સાઈન કરી

બોલિવૂડના એ-સ્ટાર્સને ઈર્ષા આવે તેવી ફી પ્રભાસને મળશે, પણ અલ્લુ અર્જુન કરતાં તો પાછળ જ રહેશે. રેબેલ સ્ટાર તરીકે ચાહકોમાં લોકપ્રિય એવા પ્રભાસ સાથે કન્નડના જાણીતા પ્રોડક્શન હાઉસ હોમ્બલે ફિલ્મ્સે ત્રણ પ્રોજેક્ટના કરાર કર્યા છે. હોમ્બલે દ્વારા એક ફિલ્મ માટે પ્રભાસને રૂ.૨૦૦ કરોડ લેખે ત્રણ પ્રોજેક્ટ માટે રૂ.૬૦૦ કરોડ ચૂકવવામાં આવશે. પ્રભાસને મળી રહેલી આ રકમ બોલિવૂડના એ ગ્રેડ સ્ટાર્સને પણ ઈર્ષા આવે તેવી છે. ઉલ્લેખનીય છે કે, હોમ્બલે દ્વારા અગાઉ 'કંતારા' 'કેજીએફ', 'કેજીએફ ૨', 'સાલાર ૧' જેવી ફિલ્મો બનાવવામાં આવી છે. પ્રભાસ સાથે નક્કી થયેલી ત્રણ ફિલ્મો પૈકી સૌ પ્રથમ 'સાલાર ૨' ૨૦૨૬ના વર્ષમાં રિલીઝ થશે. ત્યાર બાદ ૨૦૨૭ અને ૨૦૨૮માં એક-એક ફિલ્મ આવશે. પ્રભાસની ફિલ્મોનો ઓવરડોઝ ના થાય તે રીતે આ ત્રણેય ફિલ્મો શીડ્યુલ કરવામાં આવી છે. 'સાલાર ૨' સિવાય અન્ય બે પ્રોજેક્ટ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. ટ્રેકટોલિવૂડના રિપોર્ટ મુજબ, આ ત્રણ ફિલ્મો માટે પ્રભાસને અધધ કહી શકાય તેવી રૂ.૬૦૦ કરોડની રકમ ચૂકવવામાં આવશે. આમ, ફિલ્મ દીઠ પ્રભાસને રૂ.૨૦૦ કરોડ મળશે, જે કોઈપણ ઈન્ડિયન સ્ટાર માટે એક રેકોર્ડ સમાન છે. ભારતીય એક્ટર્સમાં પ્રભાસે બોલિવૂડના તમામ માંધાતાને પાછળ રાખી દીધાં છે. ટોપ-૧૦ હાઈએસ્ટ ગ્રોસિંગ ભારતીય ફિલ્મોમાં પ્રભાસની 'બાહુબલિ ૨', 'કલ્કિ ૨૮૯૮ એડી' અને 'બાહુબલિ'નો સમાવેશ થાય છે. આમ, પ્રભાસનો બોક્સઓફિસ રેકોર્ડ તથા લોકપ્રિયતા જોતાં પ્રોડક્શન હાઉસ માટે લાભનો જ સોદો કહી શકાય. ત્રણ ફિલ્મો માટે રૂ.૬૦૦ કરોડ મળવા છતાં અલ્લુ અર્જુનની સરખામણી પ્રભાસને ઘણો પાછળ કહી શકાય.



# સલમાન ખાનને ધમકી આપનાર આરોપીની મહારાષ્ટ્રની વર્લી પોલીસે કરી ધરપકડ

## બજારમાં કોઈનો ફોન માંગ્યો હતો

મહારાષ્ટ્રની વર્લી પોલીસે અભિનેતા સલમાન ખાન પાસે ખંડણી માંગનારા આરોપીની ધરપકડ કરી છે. આરોપીની કર્ણાટકમાંથી ધરપકડ કરવામાં આવી છે.બોલિવૂડ એક્ટર સલમાન ખાનને ધમકી આપવાના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. વર્લી પોલીસે આરોપી સોહેલ પાશાની કર્ણાટકથી ધરપકડ કરી છે. પોલીસે કહ્યું કે આરોપી એ જ વ્યક્તિ છે જેણે 'મેં સિકંદર હૂં' ગીતના ગીત લખ્યા છે, મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, સોહેલ પાશાએ પબ્લિસિટી મેળવવા માટે આ ધમકીભર્યો સંદેશ મોકલ્યો હતો.આ કેસમાં અગાઉ મુંબઈ પોલીસે જે નંબર પરથી આ જીસ્જી મોકલવામાં આવ્યો હતો તે નંબરને ટ્રેક કર્યો હતો અને આ નંબર કોઈ વેંકટેશનો હોવાનું બહાર આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું છે કે સોહેલ પાશાએ કર્ણાટકના રાયચુરમાં એક માર્કેટમાં ફરતી વખતે વેંકટેશની મદદ માંગી હતી અને પાશાએ દ્વારા તેના વોટ્સએપ નંબર પર લોગ ઈન કરીને મુંબઈ પોલીસના ટ્રાફિક કંટ્રોલ રૂમને ધમકીભર્યો મેસેજ મોકલ્યો હતો. આ કેસમાં આજે પાશાને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં તેને ૨ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.આ ધમકીભર્યો મેસેજ ગત ગુરુવારે રાત્રે લગભગ ૧૨:૦૦ વાગ્યે મોકલવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ''સલમાન ખાન અને લોરેન્સ બિશ્નોઈ પર એક ગીત લખવામાં આવ્યું છે અને તેને રિલીઝ ન કરવાની વાત ચાલી રહી છે. ગીત એક મહિનામાં રિલીઝ થશે.'' લેખકની હત્યા કરવામાં આવશે.



સંકલન : પાર્થ એડવર્ટાઈઝ
પરેશ બ્રહ્મભટ્ટ : મો.૯૯૨૫૧૪૦૨૨૧

ધી સેવાલીયા અર્બન કો. ઓપરેટીવ બેંક લી.
શ્રી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
ચેરમેનશ્રી
: ડિરેક્ટરશ્રીઓ :
શ્રી જીગીશભાઈ એ. શાહ - મેનેજરશ્રી
તથા ધી સેવાલિયા અર્બન કો. ઓપ. બેંક લિ., પરિવાર

સર્વે સ્નેહીજનો, શુભચિંતકો તથા શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન
ઓમ ટ્રાન્સપોર્ટ
રબ્બલ, કપચી, મેટલના સપ્લાયર્સ
મુ.સેવાલીયા, તા.ગળતેશ્વર, જી.ખેડા

સર્વેને શુભ દિપાવલી અને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન..
એક શુભેચ્છક
HAPPY NEW YEAR
તા. ગળતેશ્વર, જી. ખેડા

ઠાસરા-ગળતેશ્વર તાલુકાની સમસ્ત જનતા,
વડીલો, સ્નેહી મિત્રો તથા શુભચિંતકોને
દિવાળી તથા નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ..
યોગેન્દ્રસિંહ રામસિંહ પરમાર
(બકાભાઈ)
ધારાસભ્યશ્રી
૧૧૯-ઠાસરા વિધાનસભા મતવિસ્તાર
મુ. ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા
happy diwali

ગ્રામ પંચાયત પાલી - સેવાલિયા
સરપંચશ્રી : ક્રિષ્નાબેન પ્રણવકુમાર પટેલ
ઉપસરપંચશ્રી : નિમિતકુમાર રમેશચંદ્ર શાહ
તલાટી કમ મંત્રીશ્રી : રાહુલભાઈ જાદવ
: સભ્યશ્રીઓ :

HAPPY NEW YEAR
વિનલ સી. પટેલ
વિવાન વી. પટેલ
ફરજાના વી. પટેલ
મુ. વનોડા, તા. ગળતેશ્વર, જી. ખેડા

નૂતન વર્ષાભિનંદન..
ભાવેશકુમાર મહેશભાઈ પટેલ
પંથ ભાવેશકુમાર પટેલ
અક્ષ ભાવેશકુમાર પટેલ
HAPPY Diwali
મુ.પો.અંબાવ, તા.ગળતેશ્વર, જી.ખેડા

Pareshbhai Patel
GIRIRAJ QUARRY WORKS
Manufacturer of Aggregate Materials
Kapchi - Grit - Metal
At. Udalpur, Ta. Desar,
Dist. Vadodara
Office : 9574054650
Email : girirajquarryworks@gmail.com

નીશા પેટ્રોલીયમ
નિશાંત પેટ્રોલીયમ
કાંતિભાઈ એસ. પરમાર (Ex. MLA)
પ્રો. આસિફહુસેન જફરૂલ્લામિયાં મલેક
નિલમ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રેડીંગ
ગીરીરાજ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રેડીંગ
શ્રી ત્ર્યંબકેશ્વર ક્વૉરી વર્કસ પ્રા.લી.
કપચી, રેતી, ગ્રીટ, મેટલ અને રબ્બલના ઉત્પાદક અને સપ્લાયર્સ
કાર્ટીંગ કોન્ટ્રાક્ટર અને કમીશન એજન્ટ

જનપથ હોટલ
સરદાર રાજપૂતાના હોટલ
એન્ડ ગેસ્ટ હાઉસ
પ્રો. રિજ્પાલસિંહ પી. સરદાર
સેવાલીયા-ગોધરા રોડ, મુ. સેવાલીયા
અમદાવાદ-ઈન્દોર હાઈવે, મહારાજના મુવાડા ચેકપોસ્ટ પાસે.
મુસ્કુરાતે રહો
તા. ગળતેશ્વર, જી. ખેડા

અમારા માનવંતા ગ્રાહકમિત્રો તથા સ્નેહીજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ..
પાર્થ ક્લીનીક
પાર્થ મેડીકલ સ્ટોર
માધવ ક્લિનીકલ લેબોરેટરી
સેવાલીયા - ડેસર - ઉદલપુર
પાર્થ પટેલ : મો. ૯૫૪૨૩૩૩૫૫

સર્વે સ્નેહીજનોને દિવાળી તથા નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન..
એન. ડી. પટેલ ક્વૉરી વર્કસ
કપચી, ગ્રીટ, મેટલ તથા મશીન કટ રબ્બલ
અને વેટમીક્ષના ઉત્પાદક તથા સપ્લાયર્સ
એન.ડી.પટેલ • દીપ પટેલ
શ્રી નિલકંઠ એજન્સી
એક્સપ્લોઝીવ ડીલર
સેવાલીયા, તા. ગળતેશ્વર, જી. ખેડા.
એન.ડી.પટેલ મો. ૯૮૨૫૧૬૪૭૪૪
નીતેશ પટેલ મો. ૯૯૦૯૯૮૩૫૫૧

સર્વે ગ્રાહક મિત્રો, અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા સ્નેહીજનોને શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન
ગળતેશ્વર તાલુકા ફેર પ્રાઈઝ શોપ્સ એસોસિએશન
પ્રમુખ : પટેલ બિજેશકુમાર કિર્તનભાઈ
મુ. ટીંબાના મુવાડા, તા. ગળતેશ્વર, જી. ખેડા

નૂતન વર્ષાભિનંદન...
હોટલ આશીર્વાદ
ગુજરાતી થાળી, પંજાબી,
ચાઈનીઝ, મદ્રાસી, સ્પે. કઢી-ખીચડી
મો.૯૯૯૮૬૯૯૮૯૦
મુ.પો.અંબાવ, ઠાસરા-ગોધરા રોડ, તા.ઠાસરા, જી.ખેડા

મોહિત પટેલ વિરલ પટેલ
KAILASH EXPLOSIVES
Explosives Dealer & Blasting Contractor
Nr. MRF Tyre, Dakor Road, At. Sevalia, Ta. Galteshwar, Dist. Kheda
email : kailashexp@gmail.com

ખેડા જિલ્લા તેમજ સમસ્ત ગળતેશ્વર તાલુકાના સર્વે સ્નેહીજનો, વડીલો તથા મિત્રોને શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન
મિનેશભાઈ પી. પટેલ
પૂર્વ ઉપપ્રમુખશ્રી, ખેડા જીલ્લા ભા.જ.પા.
માજી સરપંચશ્રી, અંઘાડી ગ્રામ પંચાયત
મુ.ચપટીયા, પો.અંઘાડી, તા.ગળતેશ્વર, જી.ખેડા

પટેલ પિયુષભાઈ હસમુખભાઈ
ગવર્મેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાક્ટર
HAPPY NEW YEAR
મુ.પો.તા.ઠાસરા, જી.ખેડા

કેતનભાઈ પટેલ : ૯૭૨૯૯૭૩૧૧૫
રૂપેનભાઈ પટેલ : ૮૭૮૨૯૦૦૯૩૦
બી. આર. પટેલ ક્વૉરી વર્કસ
કપચી, મેટલ, ગ્રીટ, ડસ્ટના વિક્રેતા
મુ. વરસડા, તા. ડેસર, જી. વડોદરા. મો. ૯૯૭૮૯૮૩૫૪૨
Email : brpatel1610@yahoo.in

Suresh Patel
M. 9879833887
Jagdish Patel
M. 9824097811
Jagdish Timbers
Timber Wood, Packing Wood, Fire Wood & Specialist in All Kinds of Wooden Cable Crums
Balasinor Road, Sevalia-388245, Ta. Galteshwar, Dist. Kheda (Guj.) Ph. 02699 (O) 233270 (R) 233296

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગળતેશ્વર
: વાઈસ ચેરમેનશ્રી : શ્રી મહેશકુમાર ઉમેદભાઈ પટેલ
: ચેરમેનશ્રી : શ્રી બળવંતભાઈ શામળભાઈ પરમાર
: સેક્રેટરીશ્રી : શ્રી ધર્મેન્દ્રકુમાર પ્રભુદાસ પટેલ
મુ.સેવાલીયા, તા.ગળતેશ્વર, જી.ખેડા

મારૂતિ માઈનીંગ એન્ડ ટ્રાન્સપોર્ટ કં.
હિતેષભાઈ પટેલ
માઈનીંગ કોન્ટ્રાક્ટર એન્ડ હાઈએક્સપ્લોઝીવ ડીલર

નૂતન વર્ષાભિનંદન
શ્રી હરિકૃષ્ણ એક્ષપ્લોઝીવ
અર્થ મુવર્સ ડ્રીલીંગ
ડ્રીલીંગ / બ્લાસ્ટીંગ લોડીંગ
ટ્રાન્સપોર્ટીંગ એન્ડ માઈનીંગ
વૃંદાવન શોપીંગ સેન્ટર, ડાકોર રોડ,
સેવાલિયા, તા. ગળતેશ્વર, જી. ખેડા - ૩૮૮ ૨૪૫

શુભ દિપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ..
જય અંબે ઈલે. મશીનરી સ્ટોર્સ
જય અંબે એસોસિયેટ્સ
શ્રી નિતીનભાઈ જેઠાભાઈ પટેલ
ઉપપ્રમુખ, ગળતેશ્વર તાલુકા ભા.જ.પ.
સદસ્ય, ગ્રામ પંચાયત પાલી (સેવાલીયા)
મુ.સેવાલીયા, સેવાલીયા બાલાસિનોર રોડ, તા.ગળતેશ્વર, જી.ખેડા
જય જલારામ બોરવેલ
દિનેશભાઈ એમ. પટેલ - મનોજ બી. પટેલ

દિપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ..
એક શુભેચ્છક
નૂતન વર્ષાભિનંદન...
તા. ઠાસરા, જી. ખેડા

Happy Diwali.. Happy New Year...
Patel Construction & Suppliers
Fly Ash Supplier
Alpesh Patel +91 9825043444
Ashish Patel +91 9898300033
G-12, Sahyog Complex, Nr. Bus Stand, Godhra-389001.
Tel.: 02672-247887, email : patelcs1@yahoo.com

નૂતન વર્ષાભિનંદન
દિનેશ પટેલ
ગવર્નમેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાક્ટર
મુ.બોરડી, તા.ઠાસરા, જી.ખેડા

સર્વે નગરજનો તથા શુભચિંતકોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન
વિપુલ જે. શાહ
Happy Diwali
WISH YOU A VERY HAPPY DIWALI
મુ. પો. ડાકોર, તા. ઠાસરા, જી. ખેડા

### પીએમ મોદીએ તેમનો હાથ પકડીને તેમને રોક્યા

# નીતિશે ફરી જાહેર મંચ પર મોદીના ચરણસ્પર્શ કરવાનો કર્યો પ્રયાસ

## મોદીએ દરભંગા AIIMS સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો

। પટણા, તા.૧૩ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એક વખત જાહેર મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો છે. નીતિશ કુમાર દરભંગામાં મંચ પર પીએમ મોદીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂક્યા તો પીએમ મોદીએ તેમનો હાથ પકડીને તેમને આમ કરતા રોક્યા અને પછી હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું. આ દરમિયાન મંચ પર ભાજપ અને જેડીયુના સીનિયર નેતા હાજર હતા. હવે આ ઘટનાનો વીડિયો સેશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ પહેલા પણ નીતિશ કુમાર મંચ પર પીએમ મોદીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂકી ચૂક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે બિહારની મુલાકાતે હતા. આ દરમિયાન તેમનો દરભંગામાં એક સરકારી કાર્યક્રમ હતો, જેમાં તેમણે બિહારના લોકોને ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુની યોજનાઓની ભેટ આપી છે. પીએમએ દરભંગા છૈંસ્જી સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન મંચ પર કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન, નિત્યાનંદ રાય, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા સહિત ઘણા નેતાઓ હાજર હતા.આ ત્રીજી વખત છે જ્યારે નીતિશ કુમારે વડાપ્રધાન મોદીના ચરણ સ્પર્શ કર્યા છે. આ પહેલા જ્યારે દિલ્હીમાં દ્ગડ્ઢછ સંસદીય દળની બેઠક યોજાઈ હતી ત્યારે પણ બિહારના સીએમએ પીએમ મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો, જો કે મોદીએ તેમને રોકી દીધા હતા. જો કે આને લઈને નીતિશ કુમારને બિહારના વિપક્ષી નેતાઓની ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.આ ઉપરાંત લોકસભા ૨૦૨૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન જ્યારે નીતિશ કુમાર અને પીએમ મોદી એક સાથે મંચ પર બેઠા હતા ત્યારે પીએમ મોદીએ અભિવાદન માટે સીએમ તરફ હાથ લંબાવ્યો તો નતિશ કુમારે પોતાનો હાથ પીએમના પગ સ્પર્શ કરવા માટે લંબાવી દીધો હતો.

### બુલડોઝર કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

# બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં : SC

## જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં

। નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર આજે મહત્વનો ચુકાદો આપતા કહ્યું કે આ કાયદાનો ભંગ છે. કોઈ કેસમાં આરોપી હોવા કે દોષિત ઠરે તો પણ ઘર તોડવું યોગ્ય નથી. કોર્ટે કહ્યું કે કાયદાનું રાજ હોવું જોઈએ. બુલડોઝર એક્શન પક્ષપાતપૂર્ણ હોઈ શકે નહીં.



ખોટી રીતે ઘર તોડવામાં આવે તો વળતર મળવું જોઈએ. જવાબદાર અધિકારીઓને છોડવા જોઈએ નહીં. અમે તમામ પક્ષોને સાંભળ્યા બાદ આદેશ આપ્યો છે. અમે વિશેષજ્ઞોના સૂચનો પર વિચાર કર્યો છે.

કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં. અધિકારી મનમાની રીતે કામ કરી શકે નહીં. જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં. બુલડોઝર એક્શન હકીકતમાં કાયદાનો ભય નથી એવું દર્શાવે છે. કોર્ટે આ પહેલા ચુકાદો સંભળાવતા કહ્યું હતું કે ઘર એક સપના જેવું હોય છે. કોઈનું ઘર તેની અંતિમ સુરક્ષા હોય છે. આરોપીના કેસમાં પૂર્વાગ્રહથી પીડિત ન હોઈ શકાય. સરકારી શક્તિઓનો દુરઉપયોગ ન થવો જોઈએ. અપરાધીની સજા ઘર તોડવી એ નથી. કોઈ પણ આરોપીનું ઘર તોડી શકાય નહીં. કોર્ટે બુલડોઝર એક્શન પર દિશાનિર્દેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે બુલડોઝર એક્શનને લઈને ઓછામાં ઓછી ૧૫ દિવસનો સમય આપવો જોઈએ. નોડલ અધિકારીને ૧૫ દિવસ પહેલા નોટિસ મોકલવી પડશે. નોટિસ વિધિવત રીતે મોકલવી જોઈએ. આ નોટિસ નિર્માણ સ્થળ પર લગાવેલી પણ હોવી જોઈએ. આ નોટિસને ડિજિટલ પોર્ટલ પર મૂકવી પડશે. કોર્ટે આ માટે ત્રણ મહિનાની અંદર પોર્ટલ બનાવવાનું કહ્યું છે. પોર્ટલ પર આ નોટિસોનો ઉલ્લેખ કરવો જરૂરી રહેશે. કોર્ટે કહ્યું કે કાનૂનની પ્રક્રિયાનું પાલન જરૂરી છે.

### ન્યૂઝ બ્રિફ



## ઈન્દિરા ગાંધી સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ કલમ ૩૭૦ હટશે નહીં

। ધૂલે, તા.૧૩ ।

જમ્મુ-કાશ્મીરમાં નવી સરકારની રચના બાદ કલમ ૩૭૦ને લઈને ઘમાસાણ મચ્યું છે. કેન્દ્ર શાસિત પ્રદેશની ઓમર અબદુલ્લા સરકાર સતત એવું કહી રહી છે કે, અમે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવીને રહીશું. આ મુદ્દે રાજ્યની વિધાનસભામાં પણ ઘણી વખત ગરમાગરમીની સ્થિતિ બની ચૂકી છે. હવે આ મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે. મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના સિંધખેડામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, 'કોઈ પણ કિંમત પર જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થશે.' તેમણે આગળ કહ્યું કે, 'મહાયુતિનો અર્થ છે 'વિકાસ' અને અઘાડી (મહાવિકાસ અઘાડી)નો અર્થ છે 'વિનાશ'. હવે તમારે નક્કી કરવાનું છે કે, વિકાસ કરનારાને સત્તામાં લાવવા છે કે, વિનાશ કરનારાને.' અમિત શાહે આગળ કહ્યું કે, રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસીની વાત કરી રહ્યા છે, પરંતુ રાહુલ ગાંધી તો શું જો ઈન્દિરા ગાંધી પણ સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થશે.

## સરકારનો ઇરાદો ઘર તોડવાનો નથી : યોગી સરકારના મંત્રી

। લખનૌ, તા. ૧૩ ।

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો દ્વારા ગુનાના આરોપીઓની મિલકતોને તોડી પાડવા માટે લેવામાં આવતા "બુલડોઝર એક્શન" પર આજે બુધવારે પોતાનો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સરકારની આ મનસ્વી કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો છે. હવે યોગી સરકારના મંત્રી અને સુભાષપા પ્રમુખ ઓમ પ્રકાશ રાજભરે સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, "સરકારનો ઈરાદો ઘર તોડવાનો નથી." ચુકાદો આપતી વખતે, સુપ્રિમ કોર્ટે કહ્યું કે, તેણે બંધારણ હેઠળ બાંયધરીકૃત અધિકારોને ધ્યાનમાં લીધા છે જે રાજ્યની મનસ્વી કાર્યવાહીથી વ્યક્તિઓને રક્ષણ પૂરું પાડે છે. કાયદાનું શાસન એ સુનિશ્ચિત કરવા માટે એક માળખું પૂરું પાડે છે કે વ્યક્તિઓ જાણે છે કે મિલકત મનસ્વી રીતે છીનવી લેવામાં આવશે નહીં. મનસ્વી રીતે મકાનો તોડી પાડવા એ કાયદાનું ઉલ્લંઘન છે.મંત્રી ઓમપ્રકાશ રાજભરે કહ્યું કે, "સુપ્રીમ કોર્ટના નિર્ણયનું આખો દેશ સ્વાગત કરે છે, સરકાર પણ કરે છે અને વિપક્ષ પણ કરે છે.

## ગૌતમ ગંભીર ખૂબ જ શોર્ટ ટેમ્પર છે : રિકી પોન્ટીંગ

। નવી દિલ્હી, તા.૧૩ ।

બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪ને લઈને ફેન્સ અને ખેલાડીઓ ખૂબ જ ઉત્સાહિત છે. પરંતુ આ સિરીઝ શરુ થાય એ પહેલા ઓસ્ટ્રેલિયાના પૂર્વ ખેલાડી રિકી પોન્ટિંગ અને ભારતના હેડ કોચ ગૌતમ ગંભીર વચ્ચે શાબ્દિક યુદ્ધ શરુ થઈ ગયું છે. થોડા સમય પહેલા પોન્ટિંગે કહ્યું હતું કે કોહલીનું ફોર્મ ચિંતાજનક છે, કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં કોહલીએ ટેસ્ટમાં માત્ર બે જ સેન્ચુરી ફટકારી છે. પરંતુ મને લાગે છે કે કોહલીમાં ફોર્મમાં વાપસી કરવાની ક્ષમતા છે અને તેના માટે ઓસ્ટ્રેલિયા બેસ્ટ છે. ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે તાજેતરમાં ઓસ્ટ્રેલીયા પ્રવાસ પહેલા મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં ગંભીરને જ્યારે પોન્ટિંગના નિવેદન વિશે પૂછવામાં આવ્યું તો તેણે જડબાતોડ જવાબ આપ્યો.આ બબાતે જવાબ આપતી વખતે ગંભીરે કહ્યું કે, પોન્ટિંગને ભારતીય ક્રિકેટ સાથે શું લેવાદેવા છે? મને લાગે છે કે તેઓએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ વિશે વિચારવું જોઈએ. સૌથી મહત્વની વાત એ છે કે મને વિરાટ અને રોહિતની ચિંતા નથી.'

### કૂકી ઉગ્રવાદીઓને ઠાર મરાયા

## મણિપુર ભડકે બળ્યું, ૬ મૈતેઈ ગુમ, ૫ જિલ્લામાં બંધનું એલાન

### મૈતેઈ સમુદાયના અન્ય બે ભાઈઓના મૃતદેહો મળ્યા



। મણિપુર, તા.૧૩ ।

મણિપુરમાં હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. સોમવારે પોલીસ સ્ટેશનને ઉડાવી દેવા આવેલા ૧૦ કુકી ઉગ્રવાદીઓને સુરક્ષા દળો દ્વારા ઠાર મારવામાં આવ્યા બાદથી તણાવ વધ્યો છે. મણિપુરના જિરીબામમાં આ ઘટના બાદથી ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકો ગુમ હોવાના અહેવાલો મળ્યા છે. આ છ જણ મૈતેઈ પરિવારના જ હોવાનું મૈતેઈસમુદાયે જણાવ્યું છે. વધુમાં મૈતેઈ સમુદાયના અન્ય બે ભાઈઓના મૃતદેહો પણ મળી આવ્યા છે.મીડિયા રિપોર્ટ અનુસાર, છ લોકોના અપહરણના સમાચાર સાથે ઈમ્ફાલ ખીણમાં ઉગ્ર આંદોલનના કારણે પાંચ જિલ્લામાં સંપૂર્ણપણે બંધનું એલાન છે. પોલીસે ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર આ ગુમ વ્યક્તિઓના ફોટો વાયરલ થયા છે.

મૈતેઈ સમુદાય જિરી અપુન્બા લુપ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અનુસાર ગુમ થયેલા છ લોકોમાં ૧. તેલેમ થોઈબી દેવી (ઉ.વ.૩૧) , તેની દિકરી તેલેમ થાજામંબી દેવી (ઉ.વ. ૮), યુમ્રેમબમ રાની દેવી (ઉ.વ. ૬૦), લૈશ્રામ હૈથોબી દેવી (ઉ.વ. ૨૫) અને તેના એક અઢી વર્ષનું અને એક દસ મહિનાનું બાળક સામેલ છે.


### એક વર્ષનો બેન મૂકવાની ICCની તૈયારી

# ટીમ ઈન્ડિયાએ જ્યાં ઐતિહાસિક મેચ જીતી એ સ્ટેડિયમ પર ખતરો

## ભારતની રેકોર્ડ ટેસ્ટ જીતનું સાક્ષી બનેલા ગ્રીન પાર્ક સ્ટેડિયમ હાલમાં એક વર્ષના પ્રતિબંધના ભય હેઠળ છે

। નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતની રેકોર્ડ ટેસ્ટ જીતનું સાક્ષી બનેલા ગ્રીન પાર્ક સ્ટેડિયમ હાલમાં એક વર્ષના પ્રતિબંધના ભય હેઠળ છે. તાજેતરમાં, સ્ટેડિયમના આઉટફિલ્ડને ICC દ્વારા અસંતોષકારક રેટિંગમાં સામેલ કરવામાં આવ્યું હતું. જેના કારણે તેને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. હવે UPCAએ આઉટફિલ્ડની ખામીઓને વહેલી તકે પૂરી કરવી પડશે.



જાન્યુઆરીમાં ICC ટીમ સ્ટેડિયમનું નિરીક્ષણ કરીને આઉટફિલ્ડ તપાસવા આવી શકે છે. અને જો તેમા સંતોષકારક સ્થિતિ જોવા નહીં મળે તો તેને ગ્રીન પાર્કમાં આંતરરાષ્ટ્રીય મેચો માટે એક વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. ૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટ મેચમાં આઉટફિલ્ડ વરસાદને કારણે ખરાબ થઈ ગયું હતું. જેની અસર રમત પર પડી હતી. જો કે વરસાદથી પ્રભાવિત મેચમાં પણ ભારતે રેકોર્ડ અંદાજમાં રમીને જીત મેળવી હતી. ICC દ્વારા ગયા અઠવાડિયે ભારત અને બાંગ્લાદેશની મેચ માટે જાહેર કરાયેલા રિપોર્ટમાં આઉટફિલ્ડને અસંતોષકારક શ્રેણીમાં મૂકવામાં આવ્યું હતું. તેના માટે ICCએ ગ્રીન પાર્કને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં આઉટફિલ્ડમાં જલ્દીમાં જલ્દી સુધારો કરવો જરુરી છે. જાન્યુઆરીમાં ICCની ટીમ દ્વારા નિરીક્ષણ દરમિયાન પરિસ્થિતિ સુધારો કરવામાં આવશે ત્યારે જ રિપોર્ટમાં સુધારો કરવામાં આવશે. જો સુધારો નહીં થાય તો સ્ટેડિયમ પર એક વર્ષ માટે પ્રતિબંધ મુકવામાં આવી શકે છે, તેથી એ પછી અહીં આંતરરાષ્ટ્રીય મેચો યોજાશે નહીં.જોકે, ટેસ્ટ મેચ પછી જ યુપીસીએએ એજીએમમાં ગ્રીન પાર્કને નવો લુક આપવા અને આખા સ્ટેડિયમમાં ડ્રેનેજ સિસ્ટમ લગાવવાની યોજના બનાવી છે.

## બિગ બોસ ૧૮ ના એપિસોડમાં, ચાહત પાંડેએ ટાસ્ક દરમિયાન વિવિયન ડીસેનાને લાકડી વડે માર્યો

। મુંબઇ,તા.૧૩ ।

બિગ બોસ ૧૮માં દર્શકોને ડ્રામા, વાદ-વિવાદ, ઝઘડા અને રસપ્રદ કાર્યો જોવા મળી રહ્યા છે.એપિસોડમાં, સ્પર્ધકોએ એક મનોરંજક કાર્યમાં ભાગ લીધો હતો, જેના માટે ઘરના સભ્યોને કપલમાં વહેંચવામાં આવ્યા હતા. છોકરાઓ અને છોકરીઓને હોસ્ટેલની જેમ અલગ-અલગ રૂમમાં રાખવામાં આવ્યા હતા અને તેમને કોઈ સાથીદાર નહોતા. પરંતુ આ દરમિયાન કંઈક એવું થયું કે વિવિયન ચાહત પર ગુસ્સે થઈ ગયો.આ નવા ટાસ્કમાં ચાહત પાંડે અને કશિશ કપૂર વોર્ડન હતા. તેઓએ એ સુનિશ્ચિત કરવાનું હતું કે છોકરા-છોકરીઓ નિયમોનું ઉલ્લંઘન ન કરે અને પાયજામા પાર્ટીમાં કોણ હાજરી આપશે તે નક્કી કરવાનું તેમના પર છે.

## ઝારખંડ હાઈકોર્ટે એમએસ ધોનીને નોટિસ મોકલીને જવાબ માંગ્યો

। રાંચી,તા.૧૩ ।

ઝારખંડ હાઈકોર્ટે મહેન્દ્ર સિંહ ધોનીને નોટિસ ફટકારી છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટનને આ નોટિસ ૧૨ નવેમ્બરે મળી હતી, જેમાં તેને છેતરપિંડીના કેસમાં પોતાનો પક્ષ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ધોનીના ભૂતપૂર્વ ભાગીદાર મિહિર દિવાકર અને સૌમ્ય દાસ અર્કા સ્પોર્ટ્સ એન્ડ મેનેજમેન્ટ લિમિટેડમાં રોકાણકારો છે. ધોનીએ આ બન્નેની સામે છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. ધોનીએ ગત ૫ જાન્યુઆરીએ આ કેસ દાખલ કર્યો હતો. તેની સામે મિહિર અને સૌમ્યાએ પણ ધોનીની સામે ફરિયાદ દાખલ કરી હતી. જેની સુનાવણી ગઈકાલ ૧૨ નવેમ્બરે થઈ હતી.આ કેસની સુનાવણી ઝારખંડ હાઈકોર્ટના જસ્ટિસ સંજય કુમાર દ્વિવેદીની કોર્ટમાં થઈ હતી. સુનાવણી પૂરી થયા બાદ, ધોનીને પોતાનો પક્ષ રજૂ કરવા માટે નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં તેને હાજર થઈને પોતાનો પક્ષ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.આ વર્ષે જાન્યુઆરીમાં સૌમ્યા દાસ અને મિહિર દિવાકર, જેઓ માત્ર ધોનીના બિઝનેસ પાર્ટનર્સ જ નહીં પરંતુ એક સારા મિત્ર પણ હતા.

### વિકાસ દિવ્યકીર્તિનું નિશાન | પૈસા માટે આ લોકો પાન મસાલાની જાહેરાત કરે છે અને તેમના એક ચાહકનું મૃત્યુ થાય છે, પરંતુ ધ્યાન આપવામાં આવશે નહીં.

# પાન મસાલાની જાહેરાત કરનારા અભિનેતાઓને તે લાશો નહીં દેખાય

। મુંબઇ,તા.૧૩ ।

શાહરૂખ ખાન, અક્ષય કુમાર, અજય દેવગન સહિત બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ પાન મસાલાની જાહેરાતમાં નજર આવી ચુક્યા છે અને આ કારણે જ તેમની આલોચનાઓ પણ થાય છે. હવે 'દ્રષ્ટિ આઈએએસ' કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક ડૉ. વિકાસ દિવ્યકીર્તિએ નિલેશ મિશ્રા સાથેની ખાસ વાતચીતમાં તે સ્ટાર્સ પર નિશાન સાધ્યું છે.




તેમણે કહ્યું છે કે પૈસા માટે આ લોકો પાન મસાલાની જાહેરાત કરે છે અને તેમના એક ચાહકનું મૃત્યુ થાય છે, પરંતુ તેમના પર કોઈ ધ્યાન આપવામાં આવશે નહીં.

વિકાસ દિવ્યકીર્તિએ કહ્યું, "હું માનું છું કે જો તમે મોટા ફિલ્મ સ્ટાર છો અને મારી અમુક સ્ટાર્સ સાથે સારી મિત્રતા છે, પરંતુ હું તેના વિશે એકદમ સ્પષ્ટતા સાથે વાત કરું છું. જો તમે મોટા ફિલ્મસ્ટાર છો, મોટા ખેલાડી છો અને ગુટખા વેચતા હોવ તો આ વાત નૉન-નેગોશિએબલ છે, આના પર કોઈ ચર્ચા જ ન થઈ શકે. કારણ કે તમે ખૂબ ગરીબ હતા, તમે ખૂબ સંઘર્ષ કરી રહ્યા હતા, તમે મજબૂરીમાં શું કરી શક્યા હોત, તમે જાહેરાત કરી હતી, તેમ છતાં તમે તેને સમજવા માટે પરિસ્થિતિના દ્દષ્ટિકોણથી જોઈ શકો છો. અને તમે ૫૦૦૦ કરોડ રૂપિયાના માલિક છો, તમને ૧૦૦૦ કરોડ રૂપિયાની ઓફર મળી અને તમે ગુટખાનું વેચાણ કર્યું. આ માત્ર સ્વીકાર્ય નથી, તે એક સીધી બાબત છે."

વિકાસ દિવ્યકીર્તિએ વધુમાં જણાવ્યું હતું કે, "તમે પૈસા કમાયા અને જનતા એટલી પરિપક્વ નથી કે ક્યારેય લિંક સ્થાપિત કરી શકે. જે લોકો તમારા ઘરની બહાર ઉત્સાહમાં આવીને નારા લગાવે છે, તેમાં બે-ત્રણ લોકો આવતા વર્ષે ગુટખા ખાધા પછી મૃત્યુ પામશે. પરંતુ તમે તે બે-ત્રણ મૃતદેહોને ક્યારેય જોશો નહીં. જ્યારે કે તમે એ લાશોનું કારણ છો, તો પછી તમે જાણીજોઈને કેટલાક લાલચને કારણે ઘણા લોકોના મોતનું કારણ બની રહ્યા છો તો તે કેવી રીતે સારું છે. આ ખરાબ છે, આમાં કોઈ દ્વિધા ન હોવી જોઈએ.દિવ્યકીર્તિએ કહ્યું, "જ્યારે અમે ૧૨ ફેલ ફિલ્મ બનાવી રહ્યા હતા.

### દેવેન્દ્ર ફડણવીસના સામાનનું પણ ચેકિંગ કરાયું | ભારતીય જનતા પાર્ટીએ ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે

# ચૂંટણી અધિકારીઓ દ્વારા નીતિન ગડકરીના સામાનની પણ તપાસ

। મુંબઈ, તા. ૧૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન નેતાઓની બેગ ચેક કરવાનો મુદ્દો ભારે ચર્ચાસ્પદ છે. શિવસેના UBT ચીફ ઉદ્ધવ ઠાકરેએ વાંધો ઉઠાવ્યા પછી, ભારતીય જનતા પાર્ટીએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે. તાજેતરમાં જ ચૂંટણી અધિકારીઓ દ્વારા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની બેગની પણ તપાસ કરવામાં આવી હતી.



મહારાષ્ટ્ર ભાજપે કહ્યું કે, 'જવા દો, કેટલાક લોકોને દેખાડો કરવાની આદત છે. જુઓ આ વીડિયો, ૭ નવેમ્બરે યવતમાલ જિલ્લામાં અમારા નેતા દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી, પરંતુ તેમણે કોઈ વીડિયો બનાવ્યો નહીં. આ પહેલા ૫ નવેમ્બરના રોજ કોલ્હાપુર એરપોર્ટ પર દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી. બંધારણને માત્ર દેખાડો કરવા માટે અપનાવવામાં આવતું નથી, તેનું પાલન કરવું પણ જરૂરી છે. અમે માત્ર વિનંતી કરીએ છીએ કે, દરેકને બંધારણની જાણકારી હોવી જોઈએ." દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે બિનજરૂરી રીતે ચૂંટણી અધિકારીઓ દ્વારા તેમની 'બેગ'ની ચકાસણીનો વિરોધ કરીને ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ બીજું કંઈ નથી પરંતુ વોટ માંગવાનો ઉપાય છે, બેગને તપાસવામાં શું ખોટું છે?"

અહેવાલ મુજબ, કેન્દ્રીય મંત્રી ગડકરી સિવાય ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા વિનોદ તાવડેની બેગની પણ તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત કોંગ્રેસના અમિત દેશમુખ અને પ્રદેશ અધ્યક્ષ નાના પટોલે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના રાજ ઠાકરે અને RPIના રામદાસ આઠવલેની બેગ પણ તપાસવામાં આવી હતી.

## ભરૂચમાં કેમિકલ કંપની અને હોટેલમાં ભયંકર આગનો બનાવ

। ભરૂચ, તા.૧૩ ।

ભરૂચ જિલ્લાના ઝઘડિયાના જીઆઈડીસીમાં નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. એક સ્પાર્કથી શરૂ થયેલી આગે એકાએક વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ વકરતા ત્યાં હાજર લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. સમગ્ર ઘટનાની માહિતી મળતા ફાયર બ્રિગેડનો કાફલો તુરંત ઘટનાસ્થળે પ હોંચી ગયો હતો. કંપનીમાં આગની ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ધોરણે તમામ કર્મચારીઓને બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આગના ધુમાડા દૂર-દૂર સુધી ફેલાતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયરની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી હતી.

### અત્યાર સુધીમાં યુનિવર્સિટીના વિકાસ માટે અંદાજે રૂ. ૨૧૭ કરોડનો ખર્ચ કરાયો

# ભગવાન બિરસા મુંડાની યાદમાં ‘બિરસા મુંડા ભવન’ અને ‘બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી’ કાર્યરત

**યુનિવર્સિટીમાં મુખ્યત્વે સ્કૂલ ઓફ સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણ પ્રવાહ કાર્યરત : ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૪૧૧ જેટલા વિદ્યાર્થીઓનો સ્નાતક કક્ષાની વિદ્યાશાખામાં અભ્યાસ કાર્યરત**

। ગાંધીનગર, તા.૧૩ ।

જળ, જમીન અને જંગલના રક્ષણ માટે બલિદાન આપનાર ભગવાન બિરસા મુંડાએ આઝાદીની લડતમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્ષ ૨૦૦૦માં ગાંધીનગર ખાતે બિરસા મુંડા ભવન તેમજ વર્ષ ૨૦૧૭માં નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે પ્રથમવાર આદિવાસી વિદ્યાર્થીઓ માટે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના કરી ગુજરાતને ભગવાન બિરસા મુંડાની યાદમાં સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આદિજાતિ સમુદાયના નાગરિકોનો સર્વાંગી વિકાસ કરવા




વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હરહમેંશ પ્રયત્નશીલ છે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તેમજ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિની દિશાદર્શનમાં બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ આદિજાતિ વિદ્યાર્થીઓની પરંપરાગત જરૂરિયાત અને આધુનિક શિક્ષણના માપદંડને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના ચાલુ વર્ષના બજેટમાં યુનિવર્સિટીના વિકાસ માટે વધુ રૂ. ૦૬ કરોડ જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૨૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ યુનિવર્સિટીમાં મુખ્યત્વે સ્કૂલ ઓફ સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણ પ્રવાહ ભણાવવામાં આવે છે. જેમાં યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીમાં ૮૯૦થી વધુ વિદ્યાર્થીઓએ સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યો. જ્યારે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં ૪૧૧ જેટલા વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાની ત્રણ વિદ્યાશાખામાં અભ્યાસ કરી રહ્યા છે.આ ઉપરાંત બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના વિશિષ્ટ તાલીમ અને પ્રોગ્રામ અંતર્ગત આદિજાતિ વિસ્તારના ૧,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગુણવત્તાપૂર્ણ તાલીમ આપી છે.


### નવરંગપુરા વિસ્તારમાં એચડીએફસી બેન્ક પાસે બનેલો બનાવ

### અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સવાર યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું, પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

# અમદાવાદમાં બેફામ દોડતી કારે બાઈકને ફંગોળતા યુવાનનું મોત

। કે.ડી. પરીખ, અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ શહેરમાં બેફામ દોડતી કારે બાઈકને ફંગોળતા યુવાનનું મોત નિપજ્યું હતુ. નવરંગપુરા વિસ્તારમાં એચડીએફસી બેન્ક પાસે બનેલા આ બનાવથી લોકોમાં અરેરાટી ફેલાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સવાર યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ.





ઘટના સ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ નવરંગપુરા એચડીએફસી બેન્ક પાસે આજે બપોરના સમય દરમિયાન બેફામ રીતે દોડી આવતી કારના ચાલકે બાઈકને હડફેટે લઈને ફંગોળતા ગૌતમભાઈ નામના યુવાનનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. મૃતક યુવાન કોલજમાં અભ્યાસ કરતો હોવાનું જાણવા મળેલ છે. અકસ્માતના પગલે પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya